॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ૐ

# ॥ વેદ રહસ્ય ॥





## श्री योगानंद आश्रम पब्लीक चेरीटेबल ट्रस्ट

गंगा रेल्वे पुल के पास, नई झूंसी, ईलाहाबाद (प्रयाराज) (यु.पी.)

फोन : (0532) 2568949, मो. 098396 43782



વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ જેઠ, જૂન – ૨૦૧૫, અંક – ૬



અલ્હાબાદ પ્રયાગરાજ પવિત્ર કુંભપર્વ સમયે
પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ની
સાથે ત્રિવેણી સંગમમાં સ્નાન કરતા સંતો, ભક્તો

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૭ / જૂન–૨૦૧૫ / અંક–૬


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૯ | ધીરજના ફળ મીઠા <br> રણછોડભાઈ સાચપરા (અઘેવાડા) |
| ૧૦ | કૈવલ્યોપનિષદ સાર <br> પટેલ દેવીકાબેન જે. (ઓઝરાળા) |
| ૧૧ | સુરેશ્વરાનંદનાં આર્શીવચન |
| ૧૨ | કીર્તન <br> મોણપરા આશાબેન ખીમજીભાઈ (ચોગઠ) |
| ૧૩ | શ્રેય અને પ્રેય <br> લતા અરવિંદભાઈ માંગુકિયા (દડવા) |
| ૧૩ | અધ્યાત્મવિદ્યા <br> લેખક – શિવ |
| ૧૫ | દેવી ભાગવત <br> રેખાબેન આર. માયાણી (ભાવનગર) |
| ૨૨ | શિક્ષણનાં દૂધમાં સંસ્કારની સાકર <br> કનુભાઈ બી. ઠાકર (સિધ્ધપુર) |
| ૨૨ | જ્ઞાની સે જ્ઞાની મિલે.. <br> મનીષા કે. સાચપરા (અઘેવાડા) |
| ૨૨ | બ્રહ્માનંદજીનાં આર્શીવચન <br> પટેલ લક્ષ્મીબેન આઈ. (વામજ) |
| ૨૨ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર <br> સંકલિત |


જય સચ્ચિદાનંદ

ૐ

## આત્મષટક સ્ત્રોતમ્

*न मैं मृत्युशंका न मे जाति भेदः*
*पिता नैव मे नैव माता न जन्म ।*
*न बंधुर्न मित्रं गुरूर्नैव शिष्य*
*चिदानंदरुपः शिवोऽहम् शिवोऽहम् ।।५।।*

### શ્લોકાર્થ

*મને આત્માને મૃત્યુની શંકા નથી તથા મને જાતિનો ભેદ પણ નથી. મારા આત્માના કોઈ પિતા નથી, માતા નથી, જન્મ નથી, બન્ધુ નથી, મિત્ર નથી તથા ગુરૂ-શિષ્ય પણ નથી. હું સચ્ચિદાનંદ સ્વરુપ શિવ છું, હું શિવ છું....*


**: માધવ પીઠાધિપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :

**મુખ્ય કાર્યાલય**

**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ–નાસિક–૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

**''આ રંગ પતંગનો રે, કાલે ઊડી જવાનો છે''**

**''અંતે રંગ પતંગ જાશે ઊતરી,**
**કાચી કાયા નહીં આવે કશે કામ,**
**અવસર આવો નહીં મળે,**
**કાળ ખાશે જે કે'શે કહ્યું નહીં,**
**નથી માનતો ગાફલ ગમાર, અવસર...**
**માટે સ્મરણ કરો શુદ્ધ ભાવથી,**
**ટળે તન મન કેરા વિકાર, અવસર...''**

(સ્વામી પ્રિત્તમદાસજી)

તો એક ખોટા પદાર્થો લેવા માટે મહેનત કરે અને એક સાચું લેવા મહેનત કરે, તો કોનું કલ્યાણ થાય ? બોલો. એ વિચાર નક્કી કરો. એટલે એ જ ઉપનિષદો કહે છે કે શ્રેય અને પ્રેય બંને તમારી પાસે છે પણ જો ખોટામાં રહેશો તો સાચું હાથમાં આવેલું પણ વયું જાશે. જેમ શેરડીનો સાંઠો આવ્યો હોયને તો પૂછડીયું ખાવા રહોને તો થડયું આવીને કોક બીજો લઈ જાય. એમ નબળામાં રહેશોને તો સારું હાથમાંથી છૂટી જશે ઘણાં લોકો શું કહે ? કે ઘડપણમાં ભજન કરશું પણ જુવાનીમાં રાજીવગાંધી જેમ મરી જાય તો શું ઘડપણ ભજન કરશું ? એટલે –

**ધ્રુવને આપ્યું અવિચળ રાજ,**
**પોતાનો કરી સ્થાપ્યો રે.**

ધ્રુવે પાંચ જ વર્ષમાં ભગવાન મેળવી લીધા. પછી ૩૬,૦૦૦ વર્ષ સુધી રાજ કર્યુ. પણ રાજીવ ગાંધી પેલા રાજ કરવા ગયા તો ભજન કરવાનું શું થયું ? બોલો. ગમે તે જન્મે કર્યા વિના છૂટકો નથી. આ જન્મે નહીં થાય તો બીજે જન્મે. એટલે સમજ્યાં ત્યારથી સવાર કરો. જો સમજ્યા હોવ તો પેલું શું કરી લેવું ? બોલો. શ્રેય કરી લ્યો. પછી પ્રેય એની મેળાયે હારે આવવાનું છે છે ને છે. સારું કર્યુ છે ને તો મોળું એની પાછળ પાછળ આવવાનું છે. શરીર હશે તો છાયા એની મેળાયે આવવાની છે પરમાત્મા મળ્યા હશેને તો લક્ષ્મી દોડી દોડી એની પાછળ આવવાની છે એ વિવેક રાખવો જોઈએ.

**''છાયા માયા એક બરાબર કાયા કંચન કૂપો''**

કે જે છાયા જે છે ને છાયા શરીરની એવી જ આ માયા છે જો ભગવાન હશે તો ભગવાનની માયા પણ તમારે એની પાછળ પાછળ આવવાની છે છે ને છે. એટલે પછી જગતનું કામ નો કરશો એમય કોઈ ના સમજશો જગતનું કામ નથી કરવું એમ નહીં પણ ભગવાનને છોડીને જે કરે છે ને એ શ્રેય છોડીને પ્રેયમાં પડે તે હેરાન થઈ જાય છે જેમ આત્મા વગરનું શરીર સાચવો તો શું રહે ? મડદું રહે, બીજું કંઈ શું રહે ? આત્મ કલ્યાણ કર્યા વગર જે જીવો જીવન જીવે છે એ–

**''જ્ઞાનેન હી ના પશુભીઃ સમાના''**

એ પશુ જેવું જીવન જીવે છે એટલે ઉત્તમ જીવન જીવવા માટે ઉપનિષદો કહે છે. શ્રેય અને પ્રેય બંને મનુષ્યની પાસે છે. એનાથી **''વિવિનક્તિ ધીરાઃ''** કે ધીર પુરુષો વિવેક કરે કે શું ગ્રહણ કરવા જેવું છે ? તો શ્રેય ગ્રહણ કરવા જેવું છે એટલે આત્મા ને પરમાત્મા ગ્રહણ કરવા જેવા છે એટલે એને **''વરેણ્ય''** કહેવાય. શું કહેવાય ? બોલો. ગાયત્રી મંત્રમાં આવેને **''વરેણ્યમ્''** કે ભગવાન વરવાને યોગ્ય છે લેવાને

યોગ્ય નથી અને બીજું બધું આવે તો આવવા દેવું ને જાય તો જવા દેવું. એમાં આવે તો ચોંટી જવું નહીં. કેમ કે જો એમાં ચોંટ્યા રહેશો તો જે લેવાનું છે તે શું થઈ જશે ? બોલો ? રહી જશે. જેમ તમે અહીં રસ્તામાં નીકળ્યા ને વચમાં કંઈ બેસી જાવ તો મૂળ જવાનું હોય એ રસ્તો ચૂકી જાવ. એમ જે પરમ તત્ત્વનો લાભ જે ભગવનાનો લાભ છે. એ અસત પદાર્થોમાં ઝાઝો પ્રેમ કરશો તો પછી પેલામાં રહેવાશે નહીં. એટલે ગૌણ રીતે સંસારનો વહેવાર કરવો. ગૌણ રીતે એટલે આવે તો આવવા દેવું ને જાય તો જવા દેવું. જે સમે જે મળે તે-

**''જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,**
**તેહને તે સમે તેજ મળશે.''**

(નરસિંહ મહેતા)

તો જેના ભાગ્યમાં જે હોય, તે મળે એ ભોગવવું ગુરૂગીતાનો પાઠ કરો છો ને ? એમાં બતાવ્યું છે.

**લબ્ધં વાઽથ ન લબ્ધં વા સ્વલ્પં વા બહુલં તથા,**
**નિષ્કામેનૈવ ભોક્તવ્યં સદા સંતુષ્ટમાનસમ્.**

કે સદાય સંતોષ રાખીને જીવવું. સંતોષ શું કહેવાય ? કે તમે આનંદ સ્વરૂપ છો. શું છો ? બોલો. ભગવાને તમને સત્ય બનાવ્યા છે કે અસત્ય બનાવ્યા છે ? તો સત્ય છે એટલે સ્મરણ કરવું. ભગવાને આપણને સત્ય આપ્યું છે. તમે ચેતન છો કે જડ છો ? ચેતન છો એટલે સંતોષ રાખવો. બહાર તો બધુ જડ છે. તમે આનંદ રૂપ છો કે દુઃખ રૂપ છો ? તમે બ્રહ્મ રૂપ છો કે જીવરૂપ છો ? તો ભગવાને તમને પૂર્ણ બનાવ્યા પછી તમારે સંતોષ રાખવો જોઈએ કે હજી વધારે માંગવું જોઈએ ? ઘડો ભર્યો હોય ને હજી વધારે દૂધ નાખે તો શું થાય ? ઉટતું ઢોળાય જાય. એમ પૂર્ણમાં વધારે રહેવા જશોને તો ઉટતા પૂરાને બદલે અધૂરા થઈ જશો. કોઈ રાજા હોયને ભીખ માંગવા જાય તો શું થાય ? બોલો, ભીખારી ગણાય કે રાજા ગણાય ? તો રાજા થાય પછી એને ભીખ માંગવા જવાની જરૂર નથી. એમ તમે ભગવાનના બાળક છો ભગવદ્ સ્વરૂપ છો પછી તમારે કોઈ પ્રકારનો અસંતોષ ન રાખવો. અસંતોષ રાખે તો સમજવું કે ભીખારી છે એટલા માટે-

**અસંતુષ્ટા દ્વીજા નષ્ટા**

કે દ્વીજ હોયને જેને આત્મા અને શરીર જુદા છે એમ સમજાય ગયું હોય અને આત્મા બ્રહ્મ છે એમ સમજે તો પછી એને બીજે બધે અસંતોષ રાખવાની જરૂર નથી. જે મૂઢ છે જેને સત્ય નથી મળ્યું એને સતની આશા કરવી પડે ચેતન ન મળ્યુ હોય તો ચેતન મેળવવાની આશા કરવી પડે સુખ ન હોય તો સુખની ઈચ્છા કરવી પડે. પણ ભગવાનની દયાથી આપણને અંદર બધુ ગુરૂ કૃપાથી મળી ગયું છે કે-

**જે રે માંગ્યુ તે પ્રભુએ આપ્યું રે,**
**પૂરી મારી મન કેરી આશ રે,**
**સદ્ગુરુને ચરણે આવતાં રે,**
**દાસ આનંદને દયા કરી રે,**
**રાખ્યો હરિએ ચરણની પાસ રે,**
**સદ્ગુરુને ચરણે આવતાં રે,**

(આનન્દ કૃત)

તો ધ્યાનથી યાદ રાખો કે ઉપનિષદોના જ્ઞાનમાં ખાસ કરીને, શબ્દો છે એની ઉપર વિશ્વાસ જોઈએ. શું જોઈએ ? બોલો.

**સંત ટાળે ત્રિવિધિના તાપ કે,**
**શબ્દ છુટીએ જીરે.**

(મૂલદાસજી)

કે સદ્ગુરુના શબ્દોથી જીવ છૂટવાનો છે શબ્દોમાં જો વિશ્વાસ નહીં હોય તો છુટશે નહિ એટલે -

**''સદ્ગુરુ વચનોનાં થાવ અધિકારી પાનબાઈ,**
**વચનોનો રાખો વિશ્વાસ રે.''**
**''જેને ગુરૂ વચન વિશ્વાસ,**
**એને ન રહે જમનો ત્રાસ.''**

(મનોહર કૃત)

**''મન કર તું દ્રઢ વિશ્વાસા,**
**તારી સફળ થશે સબ આશા,**
**સદ્ગુરુ હૈ સાચા, હૈ સાચા.**
**નરસિંહ મહેતાના નજરે જોયા,**
**પરચા પચ્ચીસ પચાસા,**
**તોય નાગરને નિશ્ચય ના થયો,**
**દુભવ્યા હરિના દાસા, સદ્ગુરુ..મન કર તું...**
**કૃષ્ણ–રૂક્ષમણી રથે જૂત્યા,**
**બેઠા ગુરુ દુર્વાસા, સદ્ગુરુ...મન કર તું...**
**ગોવિંદ થકી ગુરુ અધિક છે,**
**પ્રગટ વેદ પ્રકાશા, સદ્ગુરુ...મન કર તું...**
**ગાય ભેંસ કા કરે ભરોસા,**
**ઊનકી કરે બરદાશા,**
**નહીં ભરોસા ગુરુ ગોવિંદ કા,**

**દેખો અજલ તમાશા, સદ્‌ગુરુ..મન કર તું...**
**ગુરુ પ્રતાપે કહે ટેલવો,**
**સંત ચરણ મેં વાસા, સદ્‌ગુરુ..મન કર તું...''**
(ટેલવા કૃત)

**''ગોવિંદના સરજ્યા પડયા જીવજાળ,**
**ગુરૂ ત્હેને મુક્ત કરે તત્કાળ,**
**મળ્યા ગુરુ નારદને સુખરાશી,**
**ટાળી ક્ષણ માત્રમાં લક્ષ ચોરાશી,**
**ગુરુ વિના કોઈ ન પામે પાર,**
**જેના જશ ગાય ઉમિયા ત્રિપુરાર.''**
(સ્વામી પ્રિતમદાસજી)

એટલા માટે ઉપનિષદો જે શ્રવણ કરે એને શ્રદ્ધા ખૂબ રાખવી જોઈએ. વચનો ઉપર વિશ્વાસ કરવો જોઈએ. શબ્દોનો વિચાર કરવો જોઈએ.

પ્રિય સજ્જનો ઉપનિષદો આપણા જીવનને અમર બનાવે છે. ઉપનિષદો માનવને નિર્ભય બનાવે છે. ઉપનિષદો માનવને ધીર, વીર, ગંભીર બનાવે છે. એટલા માટે ઉપનિષદોને પ્રેમથી શ્રદ્ધાથી શ્રવણ કરીએ.

**એક ધ્યાનથી કથા સાંભળજો,**
**ચૂપ બેસીને રૂપાળા રે,**
**શ્રવણ કરીને ઉરમા ધરજો,**
**ઘેર ન જાશો ઠાલા રે.**

એક ધ્યાનથી એટલે બીજું બધું ધ્યાનમાંથી નીકાળી દેવું. લાંબો કચરો બધો પેટમાં રાખેલો હશે મનમાં રાખેલો હશે તો અંદર નય ઉતરે. થોડા ટાઈમ માટે પણ આપણે જ્યારે કોઈ સારી વસ્તુ લેવી હોય ત્યારે બીજી બધી વસ્તુ અંદરથી કાઢી નાખીએ છીએ. એમ ઉપનિષદનું જ્ઞાન લેવા માટે પૂર્વાગ્રહ કાઢી નાખવો. હું આમ સમજું છું ને મને આમ ગમે છે મને આ ફાવે છે ને મને આ નથી ફાવતું એ બધો પૂર્વાગ્રહ કાઢી અને ઉપનિષદો જે કહે છે એ જ આપણા હિત માટે છે એમ દ્રઢ કરીને શ્રદ્ધાથી પ્રેમથી સાંભળીએ. કાલના પ્રસંગની અંદર કઠોપનિષદમાં કહ્યું-

श्रेयश्च प्रेयश्च मनुष्यमेतत्-
स्तौ सम्परीत्य विविनक्ति धीरः।
श्रेयो हि धीरोऽभि प्रेयसो वृणीते
प्रेयो मन्दो योगक्षेमाद्‌वृणीते ॥ २ ॥
॥ १-२-२ ॥

પ્રત્યેક માનવની સામે બે રસ્તાઓ છે. એક શ્રેયનો માર્ગ ને બીજો પ્રેયનો માર્ગ. આત્મ કલ્યાણનો માર્ગ પરમાત્માની ભક્તિનો માર્ગ, પ્રભુના આનંદનો માર્ગ એ શ્રેયનો માર્ગ છે અને પુત્ર, પત્ની, ધન, મકાન, દુકાન, શરીર આ સંસારના જે જે પદાર્થો એ બધો પ્રેયનો માર્ગ છે. એ બધી વસ્તુઓ પ્યારી લાગે છે. સંસારમાં તાત્કાલીક ઉપયોગી લાગે છે. જયારે આત્મા કે પરમાત્મા તાત્કાલીક ઉપયોગમાં દેખાતા નથી. પણ શ્રેય એનાથી થવાનું છે. જીવના જન્મ-મરણના દુઃખો એનાથી મટવાના છે. સર્વ પ્રકારના આધી, વ્યાધી, ઉપાધીથી છુટવાનો એ ઉપાય છે. એટલા માટે શ્રેય થવાનું પરમાત્માથી છે અને સંસારના પદાર્થો એ પ્રેમ માર્ગ છે. એ બંનેમાંથી **'विविनक्ति धीरः'** શ્રુતિ એમ કહે છે કે ધીર પુરુષો બંનેનો વિવેક કર.

જેમ હંસ હોય એ દુધ અને પાણીનો વિવેક કરી દુધ દુધ ગ્રહણ કરે અને પાણી પાણીને છોડી દે. એવી રીતે વિવેકી પુરુષો એજે શ્રેય કરવાવાળું હોય, આત્મ કલ્યાણ કરવાવાળું હોય જીવનો ઉદ્ધાર કરવાવાળું હોય એવું ગ્રહણ કરે અને પ્રેયની મોહ મમતા છોડે. સંસારના પદાર્થો નાખી દેવા એવો અર્થ નથી પણ એની મમતા છોડે એની આસક્તિ છોડે અને પરમાત્મા તરફ મનને જોડવું એ શ્રેય માર્ગ ગ્રહણ કરવાનો ઉપાય છે. જગતના પદાર્થો વહેવારમાં ભલે ઉપયોગી થાય પણ જો એની આસક્તિ હશે તો-

**પુનરપિ જનનં પુનરપિ મરણં,**
**પુનરપિ જનની જઠરે શયનમ્।**

એટલે પદાર્થો પ્રેય છે એટલા બધા લાભકારી હંમેશા છે એમ ન માની લેવું. જેમ ગળી વસ્તુ બહુ સારી સારી છે. જીભને સારી લાગે પણ બહુ ખા-ખા કરો તો ડાયાબીટીસ થઈ જાય રોગ થઈ જાય તો જીવને પાછળથી નડવાવાળી...એમ આ જગતના પ્યારા જે પદાર્થો છે એ ઉપરથી તો લાભ કરતાં દેખાય છે. સુખ કરતાં દેખાય છે. જે સુખ દે છે એ જ પાછળથી મોટું દુઃખ આપે છે.

**દુઃખને તો કોઈ દેખે નહીં રે, સુખ લાગે છે સારું,**
**વેળા વેળાની છાંયડી તારી, વળી જાશે વારૂં રે,**
**મુરખો માની રહ્યો મારું રે, તેમાં કાંઈ એ નથી તારું,**
**સાત સાગર જેની ચોકી કરતા, ફરતું નીજર ખારું,**
**ચૌદ ચોકડીનું રાજય ચાલ્યું ગયું,**
**રાવણાદિક દૈત્ય વાળું રે,**
**મુરખો માની રહ્યો મારું રે,**

**તેમાં કાંઈએ નથી તારું.**

(શ્રી ભોજાભક્ત)

તો પ્રેય પદાર્થો જગતમાં જેટલાં વાપરવામાં ઉપયોગી થતાં પદાર્થો એક તરફ છે ને બીજી તરફ પરમાત્મા છે. બંનેનો વિવેક કરવો. તો જયાં સુધી જગતના પદાર્થો વહેવારમાં જરૂરી છે ત્યાં સુધી લેવાના છે પણ એની સામે જયારે પરમાત્મા લેવાનો પ્રશ્ન આવે ત્યારે બેયમાંથી કયું લેવું ? એક બાજુ ૧૦૦૦ નો પગાર હોય ને કોઈને ૧૦,૦૦૦ નો પગાર મળતો હોય તો ૧૦૦૦ નો પગાર પણ ઉપયોગી છે પણ ૧૦,૦૦૦ નો મળતો હોય ત્યારે ૧૦૦૦ નો લેવાની જરૂર નથી. એમ બ્રહ્મનો આનંદ પરમાત્માનો લાભ મળતો હોય અને વિષયનો લાભ પણ મળતો હોય જગતના પ્યારા પદાર્થોનો લાભ પણ મળતો હોય એ વખતે બંનેમાંથી કયો લેવો ? એ વિવેક સમજવાની જરૂર છે કેમ કે બેય એક હારે લઈ શકાતા નથી.

**જહાં કામ તહાં રામ નહીં, રામ તહાં નહીં કામ,**
**કહ તુલસી ના રહ સકે, રવિ રજની એક કામ.**

રવિ એટલે સૂર્ય અને રજની એટલે રાત્રી જેમ બંને એક હારે નથી રહેતા. સૂરજ ઊગે તો રાત વય જાય અને રાત હોય તો **સૂરજ** એમ જયારે મન ભોગમાં હોય તો ભગવાનમાં રહેતું નથી અને ભગવાનમાં રહે ત્યારે ભોગમાં હોય તોય એની મળે છૂટી જાય છે. તમારે ઘરમાં કરોડો વસ્તુ હોય પણ મન ભગવાનમાં લગાડો એટલો ટાઈમ શું થઈ જાય ? બોલો, ભૂલી જાવ છો ત્યારે બધુય ઘરમાં હોય તોય છૂટી જાય છે. હવે, તમે કહો કે મારે છોડવું નથી. તો ઊંઘવા માટે છોડો છો કે નહીં ? બોલો, ઊંઘવા શું કામ છોડો છો ? કે સુખી થવા માટે કે ઊંઘી જશું તો આપણે **સુખી થશુ** એમ ભગવાનમાં મનને જો નહીં લગાડો તો-

**''જન્મ દુઃખે જરા દુઃખે જાયા દુઃખં પુનઃ પુનઃ ।**
**અન્તકાલે મહાદુઃખં તસ્માત્જાગ્રહિજાગ્રહિ ॥''**
**જન્મ મૃત્યુ જરા વ્યાધિ દુઃખ દોષાનું દર્શનમ ॥**

(ગીતા-અ-૧૩-૯)

જન્મ, મૃત્યુ, ઘડપણ ને રોગ આ દુઃખો ખાસ વિચારવા. આ દુઃખો જો મટાડવા હોય તો શ્રેય માર્ગ ગ્રહણ કરવો પરમાત્મા લીધા સિવાય પરમાત્માનો લાભ લીધા સિવાય ઘડપણ ને રોગ, જન્મ ને મરણ બીજા કોઈ ઉપાયથી મટતા નથી. કોઈ કરોડાધિપતિ થઈ જાય કોઈ નેતા થઈ જાય કોઈ રાજા થઈ જાય, ગમે તેટલા એકટર કે ડોક્ટર થઈ જાય ગમે એટલા મિનિસ્ટર બની જાય પણ ઘડપણથી, રોગથી જન્મ-મરણથી છુટાતું નથી. જન્મ-મરણના રોગમાંથી છૂટવું હોય દુઃખમાંથી છૂટવું હોય તો આ ઉપનિષદોનું જ્ઞાન શ્રેય માર્ગ ગ્રહણ કરવો. આજ કરવું હોય તો આજ કરો ને કાલ કરવું હોય તો કાલ પણ કર્યા વગર છૂટકો થવાનો નથી એ યાદ રાખવું કેમ કે જયાં સુધી એ રસ્તો ન પકડો ત્યાં સુધી -

**પુનરપિ જનનં પુનરપિ મરણં,**
**પુનરપિ જનની જઠરે શયનમ્ ।**

એટલા માટે શ્રુતિ ભગવતી કહે છે કે **શ્રેય આદદાનસ્ય સાધુ ર્ભવતિ** કે શ્રેય માર્ગ જે ગ્રહણ કરે એનું તો કલ્યાણ થાય છે. એનું તો સારું હિત થાય છે. **પ્રેય આદદાનસ્ય** જે પ્રેય માર્ગ લે છે એ નીચે માર્ગે જાય છે. એને અધોગતિમાં જવું પડે છે. કોને કોને ? તો ધ્યાનથી યાદ રાખો કે કીડા થાય, મકોડા થાય, વાંદરા થાય, કાગડા થાય, છાંણમાં કીડા પડે એ જેણે પ્રેય માર્ગ ગ્રહણ કર્યો કેમ કે પ્રેયમાં જઈને પછી અનેક વાસના રહી ગઈ ને અનેક પાપ થઈ ગયા ને અનેક કર્મો બંધાણા એ કર્મો ભોગવવા માટે અનેક જન્મો લેવા પડે. તો યાદ રાખજો કે અત્યારે બે-ચાર દિવસના સુખમાં-

**''ચાર દિવસની ચાંદની ફીર અંધેરી રાત''**
**''ચોથે ચાર દિવસનો રે, દુનિયાનો લટકો,**
**એ સુખને સત્ય માની રે, કાં ભવમાં ભટકો,**
**પંચમે પંચ વિષયનું રે, પરિબળ છે મોટું,**
**શુધ્ધ વિચારે વરતો રે, ખેલો માં ખોટું.''**

(સ્વામી પ્રિતમદાસજી)

વિષયનું સુખ ભોગનું સુખ સંસારના પ્રેય પદાર્થો પુત્ર, પત્ની, ધન વગેરેનું સુખ એ-

**ચાર દિવસની ચાંદની ફીર અંધેરી રાત**

થોડા દિવસ મળશે પછી એ બધા કર્મો ભોગવવાથી પછી દુઃખ. તો પહેલા સુખ અને પછી મોટું દુઃખ જયારે પરમાત્માનો જે માર્ગ છે એમાં હંમેશા સુખ સુખ ને સુખ છે. કેમ કે પરમાત્મા અખંડ સુખ સ્વરૂપ છે. પરમાત્મા અનંદ સ્વરૂપ છે. પરમાત્મા પૂર્ણ છે. જીવતાંય મળે મર્યા પછી ય મળે જાગતાય મળે ઊંઘમાં ય મળે સર્વત્ર એનો લાભ છે છે ને છે. આવા પરમાત્માને છોડીને જે બીજે ભટકે છે એ-

**ક્રમશ...**

સંકલન કર્ત્રી :– કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ચાતુર્માસ ૨૦૧૧, સુરત.**

**ગતાંકથી ચાલુ....**

એટલે આપણે માની લઈએ કે હા ભઈ, અમે વિકાસશીલ-હજી વિકાસ કરી રહ્યા છીએ, વિકસીત નથી. તો બીજા લોકો એમ કહે કે તમે હજી અજ્ઞ (અજ્ઞાની) છો એટલે આપણે માની લઈએ કે હા, અમને તો કાંઈ ખબર પડે નહીં, કેમ ? તો કે શોધો તો બધી એ બાજુ જ થાયને, મહાભારતની અંદર વ્યાસજીએ આજથી સવા પાંચ હજાર વર્ષ પેલા જે વાતો લખી દીધી હતી એ વાતો અત્યારે સિદ્ધ થઈ ગઈ છે. મહાભારતમાં વ્યાસજીએ લખ્યું હતું કે સંસારમાં એવા મકાન બનશે કે જેની ઉપર ભાલા હશે. સો-સો માળની બિલ્ડીંગ હોય તેની ઉપર ભાલા હોય છે ને શા માટે ? વીજળીના પરિબળ માટે, એ સવા પાંચ હજાર વર્ષ પેલા વ્યાસજીને ખબર પડી ગઈ કે આવા મકાનો સંસારમાં બનશે અને એક બીજો શબ્દ લખ્યો છે **'કેશસૂરીન્યઃ'** સ્ત્રીઓ વિશે લખ્યું તેના કેશમાં શૂળ હશે. શૂળ કાપવામાં આવેને તો જ વાળ ખેંચાયને બાંધી શકાય નહીં તો બાંધી શકાય નહીં. આજથી સવા પાંચ હજાર વર્ષ પેલા આવું લખ્યું. હવે આપણા ભારત વર્ષને વિકસીત માનવું કે વિકાસશીલ માનવું ? મહાભારતનું યુદ્ધ થયું એમાં જે વર્ણન આવે છે એ વર્ણન હજી આજનું વિજ્ઞાન એને પાર પામી શકયું નથી. સંજયને હસ્તિનાપુરમાં બેઠા બેઠા મહાભારતનું યુદ્ધ કુરુક્ષેત્રમાં થતું હતું એ નજરો નજર દેખાતું હતું અને હવે જે લોકો અત્યારે યંત્ર મશીન દ્વારા જે દેખાય છે. હવે, આપણું ભારત વર્ષ વિકસીત હતું કે વિકાસશીલ હતું ? અચ્છા, અનપઢ હતું કે શિક્ષીત હતું ? શિક્ષીત હતું કે અશિક્ષીત હતું ? અરે, મહાશિક્ષીત હતું. સામાન્ય શિક્ષા નહી મહા શિક્ષા આપણે ત્યાં હતી. એને આપણે અત્યારે ? ....તો કે અત્યારે ? બધું જુદુ થઈ ગયુ આજ આપણે એ વિચાર કરીએ કે મારો છોકરો ડોક્ટર બને, એન્જીનીયર બને વકીલ બને યા સારો **C.A.** બને તો પૈસા એકઠા કરે. ગમે તેમ કરીને મારી ઝૂડીને પણ પૈસા એકઠા કરે. બીજાના ગળા કાપવા પડે તો ભલે ગળા કાપે પણ પૈસા એકઠા કરે. જયારે જયારે આપણે ત્યાં વિદ્યા એ હતી કે મનુષ્ય આલોકનું કલ્યાણ કરે, પરલોકનું ય કલ્યાણ કરે અને છેવટે મોક્ષ સુધી પહોંચે એવી વિદ્યા આપણે ત્યાં હતી. આપણે ત્યાં કેવળ પ્રત્યક્ષ વાદી નથી પણ પરલોકનું પણ જોવાનું છે. મોક્ષ માટે પણ જોવાનું છે. કેવળ આ શરીર છૂટે ત્યાં સુધીનું જ જોવાનું નથી. અને આપણે એ વિચારધારાવાળા થઈએ / છીએ કે આ શરીર છૂટેને ત્યાં સુધીનું જીવન છે, વ્યક્તિનું મૃત્યુ થઈ ગયું એટલે પછી જે કરવું હોય એ કરો. એ બધુ કાંઈ કરવાની જરૂર નથી. આપણા ૠષિમુનીઓ એ શું મુર્ખ હતા ! મરણોત્તર પછીની સ્થિતિ શાસ્ત્રો દ્વારા જ સિદ્ધ થાય છે કોઈ મનુષ્ય કયારેય તર્કથી એને સિદ્ધ કરી શકે જ નહીં. એવી આ પ્રક્રિયા છે.

મહાભારતની અંદર એક સુંદર બીજી કથા આવે છે કે જયારે ભિષ્મપિતા ગંગાજીના કિનારે જઈ અને એના પિતાનું તર્પણ કરતા હતા તો એના પિતાજીએ જળમાંથી હાથ બહાર કાઢયો અને કહ્યું કે, અરે, તું એ પથ્થર ઉપર જે પિંડદાન કરે છો એ હાથમાં મને દઈ દે. તારે મને જ ખવરાવવું છેને. તો ભિષ્મપિતા કહે છે કે, 'નહીં પિતાજી, હું તમને હાથમાં નહીં આપું' 'કેમ ?' 'તો કે, હું તમને પથ્થર ઉપર જ આપીશ. હાથમાં હું તમને આપીશ તો તમે એને ખાય નહીં શકો.' 'કેમ ?' તો કે 'જે પ્રેત હોય છેને એને મુખ હોતું નથી. પથ્થર ઉપર જે શાસ્ત્રમાં બતાવેલી વિધિ છે એ વિધિ અનુસાર હું આપીશને તો જ તમને મળશે.'

જેમ ઘી છે એને આપણે શરીર ઉપર લપેટવામાં આવે તો શું આપણું શરીર સારું થઈ જાય ? અરે, ઘી છે એ આયુ છે શરીર ઉપર લપેટે તો સારો પહેલવાન થવો જોઈએ કે ન થવો જોઈએ ?...તો કે નહીં, એને તો ખાવું પડે અને ખાવાની પ્રક્રિયાથી ખાવામાં આવે પેટમાં જાય એનું પાચન થાય સંપૂર્ણ શરીરની અંદર ડિસ્ટ્રીબ્યુશન થાય ત્યારે એ આંખની અંદર એનું તેજ આવે, ત્યારે વાણીની અંદર તેજ આવે ત્યારે વ્યક્તિ બોલવા લાગે, જોવા લાગે, સાંભળવા લાગે સમગ્ર ઈન્દ્રિયોની અંદર એની શક્તિને સામર્થ્ય આવે તો એનો લાભ થયો કહેવાય. એટલે એણે હાથમાં ન આપ્યું પણ પથ્થર ઉપર આપ્યું અને એને કારણે શાસ્ત્ર વિધિની રક્ષા થઈ.

પણ અત્યારે વિડંબણા એ છે કે શાસ્ત્રવિધિ કરાવવાવાળા લોકો મળવા મુશ્કીલ છે. એટલે આપણને અશ્રદ્ધા થઈ જાય. એને માટે આપણે શાસ્ત્રવિધિ ને દોષ ન દેવાય.

ક્રમશ...

# ધીરજના ફળ મીઠા

સંકલન કર્ત્રી :- રણછોડભાઈ સાચપરા
(અઘેવાડા)

ધીરજ માણસને મહાન બનાવે છે. જે ધીર વીર પુરુષ છે તે મહાન છે. ધીરજથી માણસમાં સમતા આવે છે. સમતાથી સમાનતા આવે છે.

**સાખી :-**

**ધીરજ કે ઘરે હાથી સવા મન ખાય ।**
**ટૂક એક કે કારને, ફૂતા ઘર ઘર જાય ॥**

હાથીમાં ધૈર્ય હોય છે. એટલા માટે તેને પ્રતિદિન સવા મણ ભોજન મળી જાય છે અને કૂતરાને ધીરજ નથી હોતી તેથી રોટીના એક ટૂકડા માટે તેને ઘેર ઘેર ભટકવું પડે છે.

**સાખી :-**

**ધીરે ધીરે રે મના, ધીરે સબ કુછ હોય ।**
**માલી સીચે સો ઘડા, ઋતુ આયે ફલ હોય ॥**

હે મનુષ્ય ધીરજ ધારણ કરો, ધૈર્ય ધારણ કરવાથી ધીરે ધીરે દરેક કાર્ય સમય આવવા પર પૂરા થઈ જાય છે. માળી બગીચાનો વૃક્ષને સો ઘડા પાણી સીંચતા હોય છે. પરંતુ ઋતુ આવવા પર જ વૃક્ષમાં ફૂલ અને ફળ લાગે છે. એટલા માટે ધીરજ રાખવી જોઈએ.

એક વખત નારદજી ભગવાનની પાસે જઈ રહ્યા હતા. માર્ગમાં એક યોગી તપ કરી રહ્યા હતા. તે યોગીને જોઈને નારદજી યોગી પાસે ગયા. ગુરુભાવથી ચરણ ધોયા, વીધી-વીધાનથી પૂજન કર્યું ત્યારબાદ નારદજી પાસે જાણ્યું કે તે ભગવાનની પાસે જઈ રહ્યા છે. ત્યારે યોગીએ કહ્યું કે હે મુનીવર મારી મુક્તિ ક્યારે થશે, તે સંદેશો ભગવાનને આપશો ? મુનીવરે હા કહી ને નારદજી આગળ ચાલવા લાગ્યા. ચાલતા-ચાલતા આગળ જતા બીજા યોગી મળ્યા તેમણે પણ નારદજી ક્યાં જાવ છો. તે જાણ્યું અને તેમણે પણ વિનંતી કરી કે મારી મુક્તિ માટે ભગવાનને પુછવાનું કહ્યું તેમને પણ નારદજીએ હા કહ્યું ત્યાંથી નારદજી ચાલ્યા અને ભગવાન પાસે ગયા અને બંને યોગીના સંદેશા નારદજીએ ભગવાનને આપ્યા.

પછી ઘણાં દિવસો પછી નારદજી પાછા ફર્યા અને બીજા યોગીને નારદજી મળ્યા. યોગીએ પૂછ્યું કે ભગવાને મારી મુક્તિ માટે તમને શું કહ્યું ત્યારે નારદજી કહે છે કે તમારે ચાર જન્મ પછી મુક્તિ મળશે. આ સાંભળીને યોગી ભારે વિલાપ કરવા લાગ્યા. અરે રે... આખી જીંદગી મે તપ અને સાધના કરી એક પગે ઊભા રહીને મે તપ કર્યું. અનેક પ્રકારે તપ કર્યું છતાં ભગવાને મારી સાધના ધ્યાનમાં ન લીધી. તેમ કરીને રડવા લાગ્યા અને કહેવા લાગ્યા કે હજું મારે ચાર જન્મ લેવા પડશે. એમ કરીને વિલાપ કરે છે. ત્યાંથી નારદજી આગળ ચાલ્યા અને પેલા યોગી પાસે ગયા અને પેલા યોગીને જોતા નારદજીએ કહ્યું કે ભાઈ મને કહેતાં બહું દુ:ખ થાય છે કે તારી મુક્તિ ભગવાને કહ્યું કે તારી સામે જે આંબલીનું ઝાડ છે અને તેના જેટલા પાન છે. લાખ પાંદડા તો હશે જ એટલે લાખ જન્મ પછી મુક્તિ મળશે. આટલું સાંભળતા યોગી નાચવા લાગ્યો અને આનંદથી ઉછળવા લાગ્યો કે ભગવાને મારી સાધના ધ્યાનમાં લીધી અને ગાડો ઘેલો થઈને નાચવા લાગ્યો અને બોલવા લાગ્યો વા મારા પ્રભુની કૃપા તો જોવો મને તો આશા ન હતી કે કરોડો જન્મ પછી મને મુક્તિ મળે પણ મારા વાલાએ મારી સાધના જોઈને લાખ જન્મમાં જ મુક્તિ આપી દેવાની કૃપા બતાવી બસ હવે મને ચિંતા નથી. હવે મને મુક્તિ મળી જવાની છે. હવે મને જે શંકા હતી તે તો હવે છે જ નહીં. હવે મને આનંદ છે અને આનંદમાં નાચવા લાગ્યો અને નારદજીએ આ સ્થિતિ જોઈને આશ્ચર્ય થયું અને આકાશવાણી થઈ ઓ અનંત ધીરજ વાળા સાધક હવે તારે લાખ જન્મ સુધી રાહ જોવી જરૂરી નથી. પ્રભુના કાર્યમાં તને પૂરણ શ્રદ્ધા છે અને તારી અનંત ધીરજને કારણે આ શંણે તને મુક્તિ મળી ગઈ હવે તું મુક્ત છે.

એક યોગીને ચાર જન્મ પણ લાંબા લાગ્યા અને ધીરજ ન રાખી અને એક યોગીએ લાખ જન્મ પણ લાંબા ન લાગ્યા. પણ ધીરજ રાખી એટલે તેને મુક્તિ મળી ગઈ.

કોઈ બીજ એવા હોઈ છે. જે જમીનમાં નાખ્યા પછી બાર વરસે ઉગે છે અને પછી ફળ-ફુલ આપે છે અને ધીરજના ફળ હંમેશા મીઠા હોય છે અને ધીરજ હોય તો કાળ પણ ઓછો થશે અને મુક્તિ પણ મળી જશે. જયારે ગુરુકૃપા વગર સાધના નિષ્ફળ છે. જયારે પેલા યોગીએ ગુરુભાવથી નારદજીનું પૂજન કર્યું અને દ્રઢ વિશ્વાસથી તેના બોલેલા શબ્દને ધારણ કર્યા કે લાખ જન્મ પછી મને મુક્તિ મળશે. તેને અનંત આનંદ થયો અને મુક્ત થઈ ગયો.

## કૈવલ્યોપનિષદ સાર

પટેલ દેવીકાબેન જે.
(ઓઝરાળા)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પરમાદરણિય પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂતિષ મહામંડલેશ્વર પ.પૂ.સ્વામીજી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના અલહાબાદમાં કુંભમેળામાં સત્સંગ આધારિત આપણે કૈવલ્યોપનિષદ શાસ્ત્ર પર શ્રવણ કરી રહ્યા છીએ. જે પોતાના સ્વરૂપને ઓળખાવી પોતાના સ્વરૂપમાં સ્થિર કરાવે. નિર્ગુણ પરમાત્મા સર્વત્ર છે. હું શુદ્ધ બુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છું.

**''સ એવ માયા પરિમોહિતાત્મા,**
**શરીરમાસ્થાય કરોતિ સર્વ ।**
**સ્ત્રિયાનીપાનાદિ વિચિત્ર ભોગૈઃ,**
**સ એવ જાગ્રત પરિતૃપ્તિમેતિ ॥''**

માયાને મોહમાં લઈ શરીરના દેહ અભિમાનમાં આવી માને છે કે હું પોતે કરવાવાળો છે. એવું અભિમાન કરી વિષયોનો સુખને ભોગવે છે. હું પાપ પુણ્ય કરવાવાળો છું હું ભોગવું છું.

**''સ્વપ્ને સ જીવઃ સુખ દુઃખ ભોક્તા,**
**સ્વમાયયા કલ્પિત વિશ્વ લોકે ।**
**સુષુપ્તિકાલે સકલે વિલીને,**
**તમોઽભિભૂતઃ સુખરૂપમેતિ ॥''**

જાગ્રત અવસ્થામાં જીવ અભિમાની છે તો થાકીને સૂઈ જાય ત્યારે એ જીવ સ્વપ્નમાં સુક્ષ્મ, સ્થૂળ કારણ એ જીવ સુખઃદુઃખ બંને ભોગવે છે. જીવ એવું અભિમાન કરે છે. સ્વપ્ન સારું આવે તો જીવને સુખ થાય અને ખરાબ આવે તો જીવ દુઃખી થાય છે. સુષુપ્તિ અવસ્થામાં સકલે વિલીને એટલે બધુ જ લીન થઈ જાય છે. પણ મન છે તે ઊભું કરે છે. કોઈ પણ ઈન્દ્રિય જાગતી નથી. જોવાવાળો બ્રહ્મ અને જીવ સાક્ષી પરંતુ અભિમાનને લઈને મેં જોયું ? સ્વપ્નમાં હું જોવાવાળો છું એવું અભિમાન કરે છે. સુષુપ્તિમાં બધુ લીન થઈ જાય છે. **''તમોઽભિભૂત સુખરૂપમેતિ''** અવસ્થામાં સુખની પ્રાપ્તિ થાય છે. હું આજે સુખપૂર્વક સૂતો હતો. મેં કંઈ પણ જાણ્યું નહિં. એ બધું લીન થઈ જાય છે. અજ્ઞાન મિશ્રિત સુખ છે. એ સુખ કોનું ? હું આજે સુખપૂર્વક સૂતો હતો ? તો કયું સુખ ? સ્વપ્ન અવસ્થામાં કોઈ ઈન્દ્રિય નથી બધું જ લીન થઈ જાય. પોતાનો આત્મા જોવે એજ અનુભવમાં ભાસે છે. જ્ઞાની પુરુષો કહે છે એમાં અજ્ઞાન મિશ્રિત સુખ છે. મેં કંઈ પણ જાણ્યું નહીં એ અજ્ઞાન છે. જયારે તુરીય અવસ્થામાં પોતાનું સાચું સુખ છે. જાગ્રતમાં જીવ સુખ-દુઃખ ભોગવે છે. પાપ-પુણ્યના પોટલા બાંધે છે. સ્વપ્નમાં પણ સુખ દુઃખ ભોગવે છે.

**''પુનશ્રવ જન્માન્તર યોગા,**
**ત્સ એવ જીવઃ સ્વપિતિ પ્રબુદ્ધઃ ।**
**પુરત્રપે ક્રીડતી પશ્ચ જીવ,**
**સીતસ્તુ જાતં સકલં વિચિત્રમ્ ॥''**

ફરીથી પૂર્વ જન્મના કર્મ યોગથી તેજ જીવાત્મા સુષુપ્તિ દશામાંથી જાગે છે. વારંવાર કર્મ ભોગવવાને માટે જીવ બ્રહ્મ છે છતાં પોતાને અજ્ઞાનથી જીવ માયાના આવરણને લઈને જીવ મોહમાં પડે છે. અજ્ઞાન દૂર થાય તો મોહ દૂર થાય છે, તો પરમ સુખના ભાગીદાર થાય છે, કલ્યાણના ભાગી બને છે.

**॥ શ્રધ્ધાંજલિ ॥**

નાર ગામના (હાલ યુ.કે.) સ્વ. નિલેશભાઈ રામભાઈ તુલશીભાઈ પટેલ (ઉ.વ. ૫૫) સંવત ૨૦૭૧ વૈશાખ સુદ ૧૩, તા. ૦૨/૦૫/૨૦૧૫ ને શનિવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે, વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલિ ॥**

આકરૂ ગામના (હાલ ધોળકા) સ્વ. દેવીસિંહ રૂપસંગભાઈ જાદવ (ઉ.વ. ૭૮) સંવત ૨૦૭૧ વૈશાખ સુદ ૫, તા. ૨૩/૦૪/૨૦૧૫ ને ગુરૂવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે, વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

# પ.પૂ.બ્રહ્મચારીશ્રી સુરેશ્વરાનંદજીના મુખેથી...

ધર્મેશ કોશીયા
ભાંભણ

**પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મ સ્વરૂપ વહાલા સ્વામીજી તથા વિશ્વવંદનીય સંતો, સેવક સમુદાય.**

આજથી ૧૨૦૦ વર્ષ પહેલાં ભારતમાં ખંડન કરનાર વિધર્મીઓએ પોતાનું સામ્રાજ્ય જમાવીને ઈતિહાસને લોહીથી ખરડી નાખ્યો હતો. સમાજ વર્ણ વ્યવસ્થાથી છિન્ન ભિન્ન થઈને સદન્તર નાસ્તિક બની પોતાની વૈદીક સંસ્કૃતિને ભુલી બૌધિષ્ઠ બની વેદોની નિંદા કરવા લાગ્યો પુનઃવૈદીક સનાતન સંસ્કૃતિના સંરક્ષણાર્થે પરમ કરુણા નિધાન પરમાત્મા પોતાના અંશથી શ્રી શંકરાચાર્યજીના રૂપમાં અવતરણ કર્યુ, શાસ્ત્રાર્થ દ્વારા વિધર્મીઓને દેશપાર હાંકી કાઢી દિગ્વિજય વેદોને પ્રતિષ્ઠિત કરી વેદમંત્રો, ઘંટારવ, શંખધ્વની ગુંજવા લાગી. ૩૨ વર્ષના અલ્પ આયુષ્યમાં કલ્પિ ન શકાય તેવું અને અન્ય કોઈથી થઈ ન શકે એવું ભગીરથ કાર્ય કર્યું. વૈદીક સનાતન ધર્મના સ્થાપક આવા મહાપુરુષના ઋણને કોઈપણ પ્રકારે ચૂકવી શકાય તેમ નથી.

ભગવાન શંકરાચાર્યજીના અંતર ધ્યાન થયા પછીના સમયમાં વ્યાપક પરમાત્માને છોડી લોકો પરિ છિન્ન એવા દેવી દેવતાઓને પુજવા લાગ્યા, કર્મ કાન્ડી હોમ હવનમાં વિશ્વાસ રાખી ભુત, ભુવા, ડાકલાં, બેસાડી અંધ શ્રધ્ધા, વહેમ, દુરાચાર, વ્યભીચાર, ચોરી જારી, હિંસા એ તેના પર સામ્રાજ્ય જમાવી દીધું. તેમાં બાકી હોય તેમ પોતાની કિર્તિ માટે દ્વૈતવાદી લોકોએ અનેક સંપ્રદાયો ઉભા કર્યા. સત્યથી હજારો માઈલ દૂર આવા લોકો રિધ્ધિ-સિધ્ધના બળથી ચમત્કારો, દેખાડી પોતાની માયાજાળમાં ફસાવી આર્થિક લાભ લુંટવા લાગ્યા. પોતે ભોગ વિલાસ વૈભવ ઠાઠ-માઠમાં રહી શિષ્યોને ત્યાગી દીક્ષા દઈને શિષ્યોનો જથ્થાબંધ ટોળા ઉભા કરવા લાગ્યા. આમાં કેટલાકે પોત પોતાના અલગ વાડા ઉભા કર્યા. પરિણામે રાગ અને દ્વેષ જાગ્રત થયાં. મંદિરો મહોત્સવોની હરિફાઈ થવા લાગી. પરાણે ખેચી લાવેલા કરોડોના ફંડફાળાથી ઉભા કરેલા મંદીરોમાં ભૌતિકતાથી પાંચ વિષયોને શણગારવામાં આત્મા પરમાત્માને ભુલી જઈ પોતાને જ જય જયકાર કરાવવા લાગ્યા. નતો સત્યને જાણ્યું કે લોક ટોળાને જણાવી શક્યા. સંપ્રદાયો અને મંદિરોની આ હરિફાઈએ અખંડ ભારતના હિન્દુમાં રાગ અને દ્વેષના બી વાવીને અખંડ હિંદુત્યના ટુકડે ટુકડા કરી સામ્પ્રાદાયિક દાસ બનાવી દીધા. ભગવાન શંકરાચાર્યજીના અદ્વૈત મતને ભુલાવી દ્વૈતવાદી બનાવ્યા. સંપ્રદાયોની આ હરિફાઈમાં સમાજ દિશાશૂન્ય બની બેઠો. કોને માનવું કોને ન માનવું કોની કંઠી બાંધવી કોની તોડી નાખવી, આવી ભાગદોડમાં હેરાન પરેશાન માનવ ત્રાહિમામ પોકારી ગયો. ત્યારે અનન્ત કોટી બ્રહ્માણ્ડ નાયક ભગવાનશ્રી સચ્ચિદાનંદ કરુણાનિધાન કૃપા સિન્ધુ શ્રી માધવાનંદજી મહારાજના સ્વરૂપમાં અવતરીત થયા. પ્રભુના અવતરણથી અનાથ દિશાવિહિન મૃતપ્રાય સમાજમાં ચેતનતાનો જાગૃતિનો સંચાર થયો. અંધશ્રદ્ધા વહેમ, કુરિવાજો, વ્યસનો, પાખંડોને ઉઘાડા પાડીને માનવને સાચા માનવ બનાવ્યા. માનવ જન્મનો ઉદ્દેશ્ય, જીવાત્માની મુક્તિનો ઉપાય, સત્યનું સ્વરૂપ, મૃત્યુ પછીની ગતી કેવી ? આવા જટીલ પ્રશ્નોનું શાસ્ત્રોના યુક્તિ પ્રમાણથી નિરાકરણ કરી શાંતિ પ્રાપ્ત કરાવી સાચા સત્યના રણકારથી અને બ્રહ્મ જ્ઞાનના પ્રકાશથી દશે દિશાએ ફેલાઈ. આ બ્રહ્મર્ષિની પ્રખર પ્રજ્ઞાથી સાંપ્રદાયિક ગુરુ ધ્રુજવા લાગ્યા. કારણ લોકોને સત્યનો સાક્ષાત્કાર થઈ ગયો હતો, પોતે મહાયોગી હોવા છતાં રિધ્ધિ-સિધ્ધિને ઠોકર મારી કોઈ જાતના ચમત્કાર આડંબર લોભ લાભય ના દેખાડી, છતાં ફુલો પાસે ભ્રમર આપોઆપ ખેંચાય તેમ જગદ્‌ગુરુ ભગવાન શંકરાચાર્યજીના પછીના સમયમાં એકમાત્ર શ્રી માધવાનંદજી મહારાજે સંપ્રદાયનું ખંડન કરી સત્યનું દર્શન કરાવ્યું. આ શાહીના શાહ શહેનશાહે નતો. રાજા મહારાજાને ચમત્કાર દેખાડયા, નતો ખભે ઝોળી ભરવી ભીખારી બની પૈસાની ભીખ માગવા ગયા. નતો આ લોકમાં ગમનચુંબી મંદિરો બનાવ્યા કે ના આકાશમાં પોતાનું અલગ ધામ હોવાનો દાવો કર્યો. આ બ્રહ્મર્ષિ ના તો વિદેશમાં જઈને સોના, ચાંદી, હિરા, મોતીથી તોળાવાનો ઢોંગ કર્યો કે યજ્ઞોના મોટા ધુમાડા કરી કુંડલીની શક્તિ જગાડવાની લાલચ આપી. પોતે એકપણ દાવો ન કર્યો કે મારું નામ જપવાથી તમે નાગા ભૂખ્યા નહિ રહો. વાસ્તવમાં તેમનું જીવન સત્યના પરમ પ્રકાશથી બ્રહ્મજ્ઞાનના ઓજ સુધી ઝળહળાટ પ્રકાશી રહ્યું હતું અસંખ્ય ખોટા માર્ગે

ખેંચાયેલા જીવોને પોતાનું શાશ્વત સ્થાન મળી ગયું. મર્યા પછી ધામમાં લઈ જવાની લાલચ નહિ પણ જીવતા જ જીવન મુક્ત બનાવી દીધા મુળકરણ હતુ. ત્યાગ અને વૈરાગ્ય. ત્યાગમાં પણ તલવારની ધાર જેવો કનક અને કાન્તાનો મહાત્યાગ, કોઈક વિરલા જ કરી શકે.

આજે પશ્ચિમના બનાવટી ભૌતિક રંગમાં રંગાયેલું આખું વિશ્વ કનક અને કાન્તાનું ગુલામ બની ગયું છે. ભલભલા યોગી, ભોગી જોગી, જતી, તપસ્વી અને સાધુને ભુંપીતા કરીને ધોબીના કુંતરા જેવી દશા કરી દીધી છે. અનેક પ્રલોભનો અને લોભામણી વૃતી વચ્ચે પણ પ.પૂ. સ્વામીજી હિમાલય જેવા અટલ અને અડગ રહ્યા.

પ.પૂ. સ્વામીજીની પરંપરામાં રહેનાર સર્વે બ્રહ્મચારીઓ સન્યાસીઓ તથા સેવક સમુદાયને અન્ય દેવી દેવતામાં વિશ્વાસ ન કરવો. પ્રગટ બ્રહ્મ સ્વરૂપથી સદ્‌ગુરુ દેવની જ ઉપાસના કરવી તેમની આજ્ઞાથી રોજ ગુરુગીતા પાઠ-આરતી પ્રાર્થના નિત્ય નૈમીતિક કર્મો અવશ્ય કરવા જોઈએ. ઋષિતુલ્ય જીવન જીવવા અને ખરી સાધુંતા મુમુક્ષુતા પ્રગટાવવા શ્રી મણીરત્ન માળાની ટીકાનો પાઠ કરવો. ગુરુથી અલગ ભટકવું રખડવું કે સ્વેચ્છાચારી મનોમુખી બની અલગ ચોકા બનાવી રહેવું તે બ્રહ્મચારી સાધું માટે હાનિકારક છે. કલ્યાણ પણ થતું નથી સાધું હોવા છતાં પતિત થાય છે એવી સ્વામીજીની આજ્ઞા છે. ગુરુકૃપા જ મંગલકારી છે.

પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામીજીની પરંપરામાં અનેક વિદ્યાન-શાસ્ત્ર વિશારદ વિશ્વના એકમાત્ર કનક-કાન્તાના ત્યાગમૂર્તિ આચાર્ય ભગવંતો થઈ ગયા. તેઓના ઋષિ તુલ્ય દીવ્ય દૈવીગુણોના ઉપાસક, ઉપદેશ એજ આચરણ જેના જીવનનું લક્ષ્ય તથા અનેક શાસ્ત્રોના વિશારદ વિશ્વમાં વર્તમાન સમયના એકમાત્ર કનક અને કાન્તાના ત્યાગમૂર્તિ મહાપુરુષ એટલે સ્વનામધન્ય વિશ્વ વંદનીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહામંડલેશ્વર સ્વામી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી, વિશ્વને માટે આદર્શ છે.

## કીર્તન

**મોણપરા આશાબેન ખીમજીભાઈ**
**(ચોગઠ)**

**(રાગ :– વિઠ્ઠલવાળુ કરવાને...)**

આજ જગદીશાનંદ ગુરૂ આવિયા રે,
સાથે સર્વે સંતોને લાવિયા રે... આજ...ટેક
ભલા ભક્તોનાં મનમાં ભાવિયા રે,
મેં તો મોઘે મોંઘે ફુલડે વધાવિયા રે....આજ. ૧
મેં તો રસ્તાને સ્વચ્છ કરાવિયા રે,
મેં તો ચોકમાં તે ચંપા રોપાવિયા રે....આજ. ૨
મેં તો ચંદનથી ઓરડા લીંપાવિયા રે,
સાથે આસોપાલવના તોરણ બંધાવિયા રે....આજ. ૩
મેં તો ગાદીને તકિયા બિછાવિયા રે,
મારા ગુરૂજીને પ્રીતે પધરાવિયા રે....આજ. ૪
મેં તો રૂદ્રાક્ષની માળા પરોવવી રે,
મારા ગુરૂજીને કંઠે પહેરાવી રે....આજ. ૫
મારા ગુરૂએ ગુરૂજ્ઞાન આપિયા રે,
સર્વે ભક્તોના દીલમાં ઉતાર્યા રે....આજ. ૬
જે હરિભક્તો ગુરૂગુણ ગાય છે રે,
તે ગુરૂજીને શરણે જાય છે રે....આજ. ૭

## શ્રેય અને પ્રેય

લતા અરવિંદભાઈ માંગુકિયા
(દડવા)

પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

કઠોપનિષદમાં દ્વિતીય વલ્લીમાં શ્રેય અને પ્રેયનું વર્ણન કહ્યું છે. જયારે મનુષ્ય પોતે નક્કી કરે છે કે શ્રેયનો મારગ સારો કે પ્રેયનો મારગ સારો છે.

શ્રેય અને પ્રેય એવા બે પદાર્થો આ જગતમાં છે. શ્રેય તેને કહેવામાં આવે છે. જેનાથી મનુષ્યનું સાચું કલ્યાણ થાય છે અને પ્રેય એને કહેવામાં આવે છે. જેનાથી મનુષ્યનું તાત્કાલિક સુખ મળે છે. એટલે સંસારનું સુખ વિષય સુખ ભોગોનું સુખ છે જેને માટે રાત દિવસ મનુષ્ય પ્રયત્ન કરે છે. શ્રેય એટલે પરમાત્મા સદા અખંડ રહેવાવાળું શાશ્વત સુખ પ્રેયના માર્ગ, ધર્મ અને નિતિનું બન્ધન નથી. વાચક જો આ વિચારે તો એને જ્ઞાન થશે કે એતો કેવળ નાશ થવા ભોગોનો માર્ગ છે. એના એ ભોગો નિતિનું અને ધર્મનું બંધન હોય તો એજ ભોગ અશતઃ શ્રેય બની શકે છે. જયારે મનુષ્ય ગૃહસ્થાશ્રમમાં રહીને ધર્મમાંથી, નિયમમાંથી રહિત થાય છે. ત્યારે દોષરૂપ થાય છે. તેને જ પ્રેય કહેવામાં આવે છે. પરંતુ એ જયારે ધર્મ નિયમોથી મર્યાદિત થાય છે એજ શ્રેયરૂપ થઈને વ્યક્તિ કુળ જાતિ સમાજ રાષ્ટ્ર આદિનું ઉનંતકારક થાય છે ત્યારે તે શ્રેય કહેવાય છે.

માટે મનુષ્યે સદ્‌ગુરૂ ચરણે જઈ શ્રેયનો માર્ગ પ્રાપ્ત કરી જેનાથી ધર્મ નિયમ સિધ્ધ થાય અને એની મર્યાદા ભોગો પર અને માનવી વ્યવહાર પર પડી રહે તો એ ભોગો પણ દૈવિ ગુણવાળા બની જાય તો શ્રેય અને પ્રેય એવા બે પદાર્થો મનુષ્યની સામે આવે છે એ માંથી શ્રેયનું ગ્રહણ કરવાથી કલ્યાણ થાય છે અને કેવળ પ્રેય એટલે સંસારના સુખ માટે પ્રયત્ન કરવાવાળા માનવ જન્મના ધ્યેયથી નીચો પડે છે. અર્થાત પ્રેયની પાછળ પડનાર મનુષ્યને જીવનનું ધ્યેય પ્રાપ્તિ થઈ શકતું નથી.

શ્રેય અને પ્રેય મનુષ્યની પાસે આવે છે તે સમયે મનુષ્ય વિચાર કરી બંનેનું પરિક્ષણ કરે છે કે કોનાથી લાભ થશે તેનો વિચાર કરી જે ધીર બુધ્ધિમાન વિવેકી હોય છે. તે શ્રેય એટલે પરમાત્માનો સ્વીકાર કરે છે અને પોતાના મનુષ્ય જન્મને સફળ બનાવે છે પરંતુ જે મન્દ બુધ્ધીવાળો બુધ્ધીહિન વિવેકહિન હોય છે. તે આ શ્રેયનો ત્યાગ કરીને પ્રેય એટલે (સંસાર) નો સ્વીકાર કરે છે. જીવન વેડફી નાખે છે અને ભોગોમાં ફસાય છે અને મહા દુઃખને પામે છે.

યમરાજા નચિકેતાને કહે છે કે પ્રિય દેખાવાવાળા ભોગને છોડી દિધા અને આ ધનમયી માળાને અર્થાત બન્ધન કરવાવાળી એ શૃંખલાનો તે ત્યાગ કર્યા એ સારૂં કર્યુ એ વિત્તમયી બેડીથી એ ભોગરૂપ આસ્કતીથી ઘણા લોકો બંધાઈ જાય છે. એમાં પુષ્કળ લોકો ડૂબી રહે છે. તે પ્રેયનો ત્યાગ કરી શ્રેયનો સ્વીકાર કર્યા એ સારૂં કર્યુ છે એનાથી તારૂં જન્મનું કલ્યાણ થશે.

મનુષ્યએ વિવેક કેળવી અને હિત કરવાવાળું શું છે તે ગુરૂ ચરણે જઈ જાણીને જીવનમાં ઉતારી મનુષ્ય જીવનમાં શ્રેયના માર્ગે ચાલી જીવન સાર્થક કરી કલ્યાણના ભાગીદાર થાય એ જ પ્રાર્થના સદ્‌ગુરૂના ચરણોમાં કોટિ કોટિ વંદના......

જય શ્રી સચ્ચિદાનંદ....

## અધ્યાત્મવિદ્યા

લેખક : શિવ

બી. એ. યા એમ. એ.ની ડિગ્રી મેળવવી એને આજે લોકો 'ઊંચું શિક્ષણ' કહે છે. અને જે સંસ્થાઓમાં તે પરીક્ષાઓનો પાઠયક્રમ શીખવવામાં આવે છે તે 'ઉચ્ચ વિદ્યાલય' (કોલેજ) કહેવાય છે. આવી અનેક કોલેજો જે સંસ્થામાં હોય છે તે વિશ્વ વિદ્યાલય (યુનિવર્સિટી) ના નામથી ઓળખાય છે.

વાસ્તવિક રીતે, જે ભણતર ભણીને માણસનું હૃદય ઊંચુ બને તેને જ 'ઊંચુ શિક્ષણ' કહેવું જોઈએ; જેનાથી તે ઉચ્ચ તત્ત્વનું જ્ઞાન મેળવે, સાચી વસ્તુની પિછાણ પામે અને તેને પ્રાપ્ત કરે. જેમાં સત્યનો સાથ નથી એવી તર્કશક્તિનો વિકાસ કરનાર જ્ઞાનને 'ઊંચા શિક્ષણ' નું નામ આપવું એ કોઈ રીતે વાજબી નથી.

અલબત્ત, આ જાતની કેળવણીની જરૂર હોય તો તેને જરૂર આપો; પરંતુ તેને ભાષાશિક્ષા, વિજ્ઞાનશિક્ષા, કૃષિશિક્ષા યા ગણિતશિક્ષા તરીકે જ ગણવી જોઈએ - 'ઉચ્ચ શિક્ષા' તરીકે નહિ. 'ઉચ્ચ શિક્ષા' એ કોઈ બીજી વસ્તુ છે. માત્ર અધ્યાત્મવિદ્યાને જ તેને માટે યોગ્ય કહી શકાય. ખુદ ભગવાને પણ **'अध्यात्मविद्या विद्यानाम्'** કહીને ગીતામાં તેનો છડેચોક સ્વીકાર કર્યો છે.

પણ હા, વ્યક્તિના નામની પાછળ *'વેદાંતરત્ન'* યા *'ભક્તિકૌસ્તુભ'* આદિ ઉપાધિ (ડિગ્રી) નું પૂંછડું લગાડવામાં આવે એટલે અધ્યાત્મવિદ્યામાં પાર ઊતરી ગયા એવું નથી. અધ્યાત્મવિદ્યાનું સ્વરૂપ એ છે કે, જેનાથી તમારી મનોવૃતિ ઉચ્ચ ભૂમિકાએ પહોંચે, સત્યની શોધ કરવાની જિજ્ઞાસા જાગે અને સત્ય વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પુરુષાર્થની દોરી જરાય ઢીલી ન પડે.

એટલું તો નક્કી માનજો કે, અધ્યાત્મવિદ્યાને મેળવ્યા વિના તમે સત્યની ઓળખાણ કદાપિ નહિ કરી શકો; અને જો સત્યનું જ્ઞાન ન થયું તો, માનવજીવનની કશી જ કિંમત રહેતી નથી.

જીવનમાં સંયમનું સ્થાન મહત્ત્વનું ગણાય, એ આ વિદ્યાનો પહેલો ફાયદો છે. જેનું જીવન અસંયમિત છે, જેનાં શરીર, ઈન્દ્રિયો અને મન કાબૂની બહાર છે, એ કદાપિ વિદ્વાન બની શકતો નથી. શારીરિક બંધનમાં હોવા છતાં સંયમી જીવો સાચા અર્થમાં સ્વતંત્ર છે અને તેનાથી ઊલટું મનમાન્યું વર્તન કરનાર અસંયમી પૂરેપૂરો પરતંત્ર છે. જે વિદ્યાનું સૌથી પહેલું કામ પરતંત્રતાની આ બેડીને કાપવાનું છે તે જ અધ્યાત્મવિદ્યા છે. હિંદુઓના પ્રાચીન બ્રહ્મચર્યાશ્રમમાં આનું જ વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવતું હતું.

તેનો બીજો ફાયદો છે, સદ્‌ભાવો અને સદ્‌ગુણોની પ્રાપ્તિ. જે વિદ્યાર્થી આપણાં હૃદયો દુર્ભાવો અને દુર્ગુણોથી છવાઈ જાય તે તો અવિદ્યાનું જ બીજું સ્વરૂપ છે. અધ્યાત્મવિદ્યાના પ્રભાવથી આપનું હૃદય સદ્‌ભાવો અને સદ્‌ગુણોનો ભંડાર બની જાય છે.

તેનો ત્રીજો ફાયદો છે, સત્ય શોધવાની જિજ્ઞાસા જાગવી. જે માણસ સત્યની શોધમાં પડેલો છે તે જ સાચો સદાચારી છે. સત્ય વાણી, સત્ય વર્તન અને સત્ય વિચાર એ જ સત્યની પ્રાપ્તિનાં સાધનો છે. આવું સત્ય ભગવાનનું જ બીજું નામ છે.

અધ્યાત્મવિદ્યાનો સર્વશ્રેષ્ઠ લાભ એ છે કે, તેનાથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. સર્વ દુઃખોમાંથી કાયમને માટે મુક્તિ આપનાર આ જ નિત્ય, સનાતન, પરમાનન્દ આપનારી અવસ્થા છે. પરમાનન્દ એ જ એનું સ્વરૂપ છે. તેનો કોઈ ભોક્તા નથી. તે જ્ઞાન સ્વરૂપ અને ચેતન છે. આનું જ નામ છે પરમ સત્ય ! આ પરમ સત્યની પ્રાપ્તિ એ જ માનવજીવનનું મૂળ લક્ષ્ય છે. આ લક્ષ્યને ખ્યાલમાં રાખીને, નિશ્ચયાત્મિકા બુદ્ધિને આગળ રાખીને, તેને મેળવવા માટે જે વિદ્યાનું અધ્યયન કરવામાં આવે છે તેનું જ નામ અધ્યાત્મવિદ્યા છે, તે જ ઉચ્ચ શિક્ષા છે, તે જ પારમાર્થિક શિક્ષણ છે.

એનો અર્થ એવો નથી કે વ્યાવહારિક શિક્ષણનો વિરોધ કરવો. વ્યવહારનાં બધા કામો સારી રીતે કરો, પરંતુ આપણા લક્ષ્યને નિશાનને ન ભૂલવું જોઈએ. જો લક્ષ્યને સતત ધ્યાનમાં રાખવામાં આવશે તો વ્યવહાર માર્ગમાં બાધક બનવાને બદલે સહાયક બનશે.

પરંતુ, લક્ષ્યને નક્કી કરવા માટે અને તેને સ્થાયી બનાવવા માટે પણ પ્રાથમિક શિક્ષણની ખાસ જરૂર છે. આ શિક્ષણનું નામ છે ધાર્મિક શિક્ષણ. માટે દરેક બાળકને ઘેર તથા નિશાળોમાં યા કોલેજોમાં ધાર્મિક કેળવણી મળે એવી વ્યવસ્થા કરવી જોઈએ. આથી તેનું લક્ષ્ય  સાચું બનશે અને વ્યવહારિક ક્ષેત્રમાં પડયા પછી પણ તેઓ પોતાના ધ્યેયને નહીં ભૂલે.

પ્રભુને એવી પ્રાર્થના કરો અને આત્મામાં એ નિશ્ચય કરો, કે આપણું તથા આપણાં બાળકોનું લક્ષ્ય ભગવાનમાં રહે. આપણે ભગવાનને અર્થે જ બધું કામ કરીએ, ભગવાનને અર્થે જ જીવીએ અને અંતે ભગવાનને અર્થે જ, ભગવાનનું સ્મરણ કરતાં કરતાં, આ નશ્વર શરીરનો ત્યાગ કરીને ભગવાનનાં ચરણકમળમાં જ પહોંચીએ !

રેખાબેન આર. મચાણી
ભાવનગર

પરમ પૂજ્ય બ્રહ્માનંદસાગરજી મહારાજશ્રીના ભાવનગરના અધેવાડા ગામ મૂકામે કરેલ દેવી ભાગવત કથા સત્સંગ સાર....

**''સત્સંગ વિનારે સુખ કયાંય નથી રે લોલ.''**

જીવનમાં ક્રાંતિ કરવી હોય તો ભ્રાંતિ ટાળવા સત્સંગ કરજો.

શ્રી માધવાનંદ સ્વામીજીએ જ્ઞાનની પરંપરા આપેલી છે તે ખરેખર બ્રહ્મવિદ્યાતા જ્ઞાનની પરંપરા છે. દેવી ભગવતી સત્-ચિત્-આનંદ સ્વરૂપીણી છે. આનંદરૂપ પરમ પ્રેમાસ્પદ છે.

દેવી ભાગવતા તૃતિય સ્કંધમાં ભગવતીના મહાત્મ્યનું વર્ણન દર્શાવ્યું છે. વ્યાસજી જન્મેજયને કહે છે ભગવતી દેવીના જ્ઞાનનું અનુષ્ઠાન કરો. ત્યારે જન્મેજય વ્યાસજીને પૂછે છે કે આ અનુષ્ઠાન (યજ્ઞ) કેવી રીતે કરવો ? શું વાસ્તવિકતા છે ? તે કહો. અને વળી એક પ્રશ્ન થાય છે કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? કોઈ પોતાની રીતે જીવન જીવી શકતા નથી. માઁ ભગવતી કોણ છે ? ત્યારે વ્યસાજી કહે છે કે હે રાજન ! તારો આ પ્રશ્ન અત્યંત દુર્ગમ અને કઠિન છે. આ સૃષ્ટિ કોના દ્વારા ઉત્પન્ન થઈ છે ? અને આ બધુ તેના જ નિયમનમાં ચાલે છે. આગળ વ્યાસજી કહે છે આવો જ પ્રશ્ન મેં નારદજીને પૂછેલો, નારદજીએ બ્રહ્માને અને બ્રહ્માજીએ વિષ્ણુને પૂછેલો, વ્યાસજી તે પ્રશ્નનો જવાબ જન્મેજયે ને તે જ્ઞાન કહે છે.

આ દેવી ભાગવતનું રહસ્ય સૃષ્ટિનું રહસ્ય છે. સૃષ્ટિની મૂળ શક્તિ પરા શક્તિ છે. એને રાગી (મોહવાળા, સંસારમાં આસક્તિવાળા) લોકો સમજી શકયા નથી, પરંતુ જે વિરક્ત છે. જેનામાં કોઈ આસક્તિ નથી, ઈચ્છા નથી, આકાંક્ષા નથી, વૈરાગી છે. એ જ આ જ્ઞાનનો અધિકારી છે. આ જ્ઞાનના અધિકાર થવા માટે ગુરૂને શરણે જવું જોઈએ. ગુરૂ દ્વારા જ ભગવતીની કૃપા થાય છે. બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે. ગુરૂની પ્રેરણામાં નિયમમાં રહી વર્તન કરે છે તેને ભગવતીની કૃપા થાય છે. ગુરૂથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાન એ જ બ્રહ્મવિદ્યા છે. એ જ આત્મજ્ઞાન છે. એ જ ભગવતી માઁ જગદંબા છે.

**''યા દેવી સર્વભૂષેતુ વિદ્યારુપેણ સંસ્થિતા,**
**નમઃસ્તસ્યૈ નમઃસ્તસ્યૈ નમઃસ્તસ્યૈ નમો નમઃ''**

વિરક્ત લોકો જ આ જ્ઞાનના અધિકારી છે. જેને વૈરાગ્ય થયો નથી તેઓને આ જ્ઞાન બ્રહ્મજ્ઞાન થતું નથી. તેઓ બ્રહ્મજ્ઞાનના અધિકારી થઈ શકતા નથી.

**''લાખો કરોડો ધન જયાં હોયે,**
**પુત્ર ત્યાં એકેય ના હોય,**
**ખાવાના ફાંફા ત્યાં બાળક જાજા (૨),**
**વિચિત્ર ગતી જણાય, ત્યાં છે પુણ્યની ખામી,**
**ના આવ્યા શ્રી સ્વામી.....**
**ગહન ગતિ, ન કળાય......''**

જયાં કરોડો રૂપિયા છે ત્યાં ખાનારા નથી. ખાનારા છે ત્યાં ખાવાનું નથી, ખાનારાને ખાવાનું બંને છે ત્યાં આપસ લડાઈ ઝઘડા થાય છે ત્યાં સાથે બેસી ખાય શકતા નથી. સંસારમાં આવું ચાલે છે છતાં તેમાં જ રચ્યા પચ્યા રહીએ છીએ અને વૈરાગ્ય થતો નથી. સંસારનો મોહ છૂટતો નથી. માંધાતા સરખા મહિપતી પણ બધુ છોડીને ચાલ્યા ગયા. સાથે કુટુંબ પરિવાર કોઈ ગયું નથી. તે જાણીને જો સમજાય કે આપણે પણ કાંઈ લાવ્યા નથી અને સાથે કાંઈ લઈ જવાના નથી. અહીંનું અહીં છોડીને જવાનું છે. તો સર્વે ત્યજીને બ્રહ્મમાં મન લાગે તો ધીરે ધીરે વૈરાગ્ય આવે અને બ્રહ્મને જાણ્યા પછી,

**''ઈચ્છા ટળી રે ઈન્દ્રલોકની,અજ પદને કૈલાસ,**
**નહીં રે વૈકુંઠની વાસના, ભાળ્યો બ્રહ્મવિલાસ.**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.''**

પછી જ આપણે બ્રહ્મજ્ઞાનના અધિકારી થઈ શકીશું, આપણને તો સમર્થ ગુરૂ મળ્યા છે.

**''અખંડ આનંદની ધૂન જેને લાગી,**
**સોહમ શિવોહંની લગની લાગી,**
**એવા મારા ગુરુજીના ગુણલા ગાઉ,**
**સદ્ગુરુ ચરણોમાં પાય લાગુ.''**

આવા મહાપુરુષો જ કે જેની જીભ પર દિવ્ય વાણી ભમતી હોય નાંચતી હોય જેમ,

**''હંસા વાણી જેની છે અમૃત જેવી,**
**પીતા આવે અમીના ઓડકાર,**
**દુર્લભ એવા સંત છે.''**

અખંડાનંદ સ્વામીની જીભ પર ભગવતી બિરાજમાન થઈ ત્યારે સાક્ષાત્કાર થયો. એ ભગવતી એ જ બ્રહ્મવિદ્યા છે. તે દેવીનું સ્વરૂપ કોઈ વિરકત

મહાપુરુષ જ જાણી શકે. જેને અખંડાનંદ સ્વામી જેવા વિરલા વિરક્ત મહાપુરુષે એ દેવીનું સ્વરૂપ જાણ્યું છે અને માણ્યુ છે. **"અનુભવીને અનુભવી મળે તો આવે આનંદની લહેર"**

વ્યાસજી જન્મેજયને ઉપદેશ આપે છે કે નારદજીને બ્રહ્માજીએ કહ્યું કે એક વખત સૃષ્ટિનો નાશ થઈ ગયો. ફરીવાર સૃષ્ટિની રચના કરવાની થઈ ત્યારે કમળપત્ર પર હું આવ્યો. એ વખતે હું કઈ રીતે પ્રગટ થયો તેની મને ખબર નથી. આકાશવાણી થઈ કે "તપ કરો, તપ કરો, તપ કરો" અને હું તપ કરવા લાગ્યો ત્યારે વળી ફરીથી અવાજ આવ્યો. "રચના કરો, રચના કરો, સર્જન કરો." આવો આકાશવાણીનો અવાજ સાંભળ્યો. આ અવાજ બ્રહ્માજીએ સાંભળ્યો ત્યારે દૈત્યો પણ બ્રહ્માજી પાસે આવ્યા ત્યારે બ્રહ્માજી વિષ્ણુ પાસે ગયા અને દૈત્યોનું કાસળ કાઢ્યું. દૈત્યોનો વધ કર્યો. પછી એ જ વખતે ભગવતી પ્રગટ થયા અને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ભગવતીને પ્રણામ કરીને ઉભા છે ત્યારે ભગવતીએ કહ્યું વિષ્ણુ તમે સૃષ્ટિનું પાલન કરો. બ્રહ્માજીને કહ્યું તમે તમારા લોકમાં જઈ સૃષ્ટિનું સર્જન કરો અને શિવને કહ્યું કે તમે જરૂર લાગે ત્યારે સંહાર કરજો.

હવે તે સમયે બ્રહ્માજીએ માઁ ભગવતીને પ્રશ્ન કર્યો કે અમે આ કોના આધારે કરીએ ? આપ કોણ છો ? આ કઈ શક્તિ છે તેનું રહસ્ય સમજાવો. ત્યારે ભગવતી થોડું હસી અને થોડી ખસી ત્યાં તો આકાશમાંથી વિમાન આવ્યું. વિમાનમાં ત્રણેયને (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) બેસાર્યા. વિમાન આગળ ચાલ્યું તો અનેક લોક આવ્યા તે એક પછી એક બ્રહ્મલોક, વિષ્ણુલોક, શિવલોક આવ્યા. આખું બ્રહ્માંડ જોયું ત્યારે પ્રશ્ન થાય છે કે આમા સાચું શું છે ? માઁ ભગવતીએ અનેક બ્રહ્માંડો રચ્યા છે તો એ ભગવતી કોણ છે ? બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ વિચારે છે પણ કોઈ શંકાનું સમાધાન થયું નહીં. પછી આગળ બ્રહ્માજી વિચારે છે કે આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે આપણે આ જોવાને પાત્ર થયા. આમ વિચારતા વિમાન ચાલ્યુ ત્યાં એકદમ સુંદર અદ્દભૂત લોક આવ્યો અને દિવ્ય ભગવતીનું રૂપ જોયું અને થયું કે આ જ ભગવતી છે. આપણા બધાનું (શક્તિ) નું મૂળભૂત કારણ એક જ છે એ જ આ મહાવિદ્યા બધામાં અધિષ્ઠાનરૂપે ભગવતી બિરાજમાન છે. તેમના દર્શન કરવા નજીક ગયા ત્યાં ઘટના બની બ્રહ્મા, વિષ્ણુ, શિવ ત્રણેય જેવા અંદર ગયા ત્યારે ત્યાં જ તેઓ સ્ત્રીરૂપ બની ગયા. એ વખતે માઁ ભગવતીના ચરણોમાં પ્રણામ કર્યાં તો માઁ ભગવતીના નખનાં દર્પણમાં એ દેવીના અનેક ભુવનો જોયા ત્યારે આશ્ચર્ય થયું. એક નખમાં આટલી બધી દિવ્ય અનુભૂતી થઈ. આ જોઈ વિષ્ણુ સ્તુતી કરવા લાગ્યા. એવું બ્રહ્માજી નારદને ઉપદેશ આપતા કહે છે. વિષ્ણુ ભગવાન માઁ ભગવતીને સ્તુતી કરે છે "રિધ્ધિ સિધ્ધિ પ્રદાન કરવાવાળી ભગવતીને હું સતત નમસ્કાર કરું છું."

**''સચ્ચિદાનંદરૂપીણી સંસાર અરણ્યે નમો નમઃ''**

સંસારરૂપી અરણ્યમાં જે પાલનશક્તિથી કામ કરીએ છીએ તે (વિષ્ણુ) અમે તમને નમસ્કાર કરીએ છીએ. શિવે સ્તુતી કરતા કહ્યું, "તમામ ભુવનને ઉત્પન્ન કરવાવાળી તમને નમસ્કાર કરું છું તમે બધાના અધિષ્ઠાન છો. બ્રહ્માએ સ્તુતી કરતા કહ્યું, "તમારા સિવાય અમારું કોઈ શરણ નથી."

બ્રહ્માજીએ નારદજીને કહ્યું કે હું આમાં કોઈ વિરોધ ન કરી શક્યો. વેદોના શબ્દો હવે મને સાચા લાગ્યા. કોઈ દિવસ આ ખોટું છે એવી કલ્પના પણ ન કરવી. "દિવ્ય ચક્ષુથી જ દિવ્યના દર્શન શ્રુતીઓ સાચી લાગી."

બ્રહ્માજી સ્તુતી કરતા આગળ પ્રશ્ન કરે છે કે વેદ કહે છે એક જ બ્રહ્મતત્ત્વ છે. તો તે તત્ત્વ કોણ અને તમે કોણ ? તે કહો. ત્યારે માઁ ભગવતી જવાબ આપતા કહે છે વેદોની અંદર અદ્વિતિય કથા કહી છે તે સત્ એક જ છે કોઈ પણ ભેદ નથી. મારાથી જ તમે ઉત્પન્ન થયા છો. આ બધું મારું જ અસ્તિત્વ છે. એમાંય જો ભેદ થાય તો તમને બુધ્ધિથી ભ્રમ થયો છે. બુધ્ધિના (મતિના) ભ્રમથી બે સાર દેખાય છે તે બંને સત્ એક જ છે. ખરેખર, તમારી અને મારી વચ્ચે સુક્ષ્મ અંતર છે એ મતિથી (મનથી) ઉત્પન્ન થયેલો ભેદ છે.

બ્રહ્માનંદ સ્વામીજીએ સમજાવ્યું કે સુખ અને દુઃખનું કારણ મન છે. મનથી જે માનો તે સાચું લાગે છે આ બધા મનના ભેદ છે.

**''મનમાં આંટી પડી તો તે ભૂલ્યો ઈશને**
**ભુલ્યુ મન ને બાળી દીધું તન**
**હડીયું કાઢે પણ પ્રભુ તો જડે નહિ રે...''**

આગળ માઁ ભગવતી કહે છે કલ્પ લય પામ્યુ ત્યારે તે બધુ મારામાં સમાઈ ગયું અને ફીર પાછા બધા છુટા પડયા અને સૃષ્ટિની રચના થઈ. માઁ ભગવતી કહે છે હું સ્ત્રી નથી અને પુરુષ પણ નથી. સ્ત્રી તરીકે

શક્તિ અને પુરુષ તરીકે ભગવાન (પરમાત્મા) છું એવું દર્શાવ્યું. બ્રહ્માનંદ સ્વામી સમજાવે છે તેથી જ આપણે સ્તુતી કરતા કહીએ છીએ,

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ....**

આ બધુ તમે જ છો. માઁ ભગવતી કહે છે હું બધાં જ સ્વરૂપમાં દર્શન આપું છું. શાન્તી, કાન્તી, વિદ્યા, દયા, શીલ, માતૃ, પિતૃ જે કહો તે મારું જ અસ્તિત્વ છે. આ બધું મારાથી જ પ્રગટ થયું છે એ રીતે માઁ ભગવતીએ ત્રણેય દેવોને સમજાવી દીધું. ત્યાર પછી માઁ ભગવતીએ ત્રણ દેવી પોતાના અંશમાંથી ઉત્પન્ન કરી. સરસ્વતી માતા, લક્ષ્મી માતા અને મહાકાલી માતા, ભગવાન વિષ્ણુને લક્ષ્મી, બ્રહ્માને સરસ્વતી અને શિવને મહાકાલી એમ ત્રણેયને શક્તિ આપી. રજોગુણી-રજસ-લક્ષ્મી, સત્ત્વોગુણી-સત્ત્વ-સરસ્વતી અને તમોગુણી-તમસ-મહાકાલી એમ ત્રણેય શક્તિ ગુણ પ્રમાણે છે.

મહાકાલી શિવજીને આપી. કાળનો પણ કાળ મહાકાળી છે. માઁ ભગવતી કહે છે કે હે દેવો જ્યારે જ્યારે દેવતાઓને કોઈ સંકટ આવશે ત્યારે તમે મને યાદ કરજો. હું આ ત્રણેય શક્તિથી તમારા કાર્યો પાર પાડીશ. આગળ માઁ ભગવતી કહે છે કે કમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માજી હું અનેક પ્રકારથી તમારા કાર્ય કરીશ. હું તમને નિરંતર બીજમંત્ર આપું છું તેનું જપ કરવાથી તમારા કાર્યો સિધ્ધ થશે. બધા મંત્રોમાં ઉત્તમ મંત્ર છે.

**ઐં હ્રીં કલીં ચામુંડાયે વિચ્ચૈઃ**

આ મંત્ર નવાક્ષર મંત્ર કહેલો છે મારા સ્વરૂપ સાથે તમે આ મંત્રનો જાપ કરશો તો સઘળું સારું થશે.

દેવીએ કહ્યું સગુણ કહો તો પણ અને નિર્ગુણ કહો તો પણ અમે બધાના મૂળભૂત આદિકારણ તે અમે છીએ. અમે જે કાર્ય કરીએ છીએ તે કાર્ય મહત્ત્વનું નથી. જેના દ્વારા (માટે) અમે કાર્ય કરીએ છીએ તે કારણ મહત્ત્વનું છે.

અહંકાર ત્રણેય ગુણથી ઉત્પન્ન થાય છે આ ત્રણ ગુણ સત્, રજસ અને તમસ ગુણ.

સમગ્ર વિશ્વને કાર્યરૂપે પ્રગટ કરે છે. અહંકાર, કારણ રૂપમાંથી પ્રગટ થયેલો કાર્ય છે.

ત્રણેય ગુણ (સત્, રજસ્, તમસ્) માંથી તે જ ગુણનો અહંકાર તે પ્રમાણે તે સ્વરૂપે છે. સાત્વીક જ્ઞાન વડે ઉદ્‌ભવતો અહંકાર સત્ત્વોગુણી અહંકાર છે. ધનશક્તિથી જ્યારે ધન વડે દાન-પૂણ્ય કરવામાં આવે અને મેં કર્યું એવું મનમાં થાય તો તે રજોગુણી અહંકાર થયો ગણાય. આસુરી વૃત્તિથી થયેલો અહંકાર તમોગુણી અહંકાર ગણાય. વ્યાસજી જન્મેજયને કહે છે આ બધા ગુણો એકબીજાની અંદર મિશ્રિત થઈ કાર્ય કરાવે છે.

## શિક્ષણના દૂધમાં સંસ્કારની સાકર

કનુભાઈ બી. ઠાકર
(સિધ્ધપુર)

- વાળ વધારીને દેવાનંદ બનવા કરતાં જ્ઞાન વધારીને વિવેકાનંદ બનવું વધું સારું છે.
- આત્માને જે અમર નથી માનતો એ જ મૃત્યુથી ડરતો હોય છે.
- બીજાને જે ત્રાસ નથી આપતો તે જ સાચા અર્થમાં સજ્જન છે.
- જ્ઞાન સંગ્રહ કરવાનું પ્રબળ સાધન વાંચન છે.
- જે મારું તે સત્ય નહીં, પણ જે સત્ય તે જ મારું.
- મોતના મહાસાગરમાં આપણા જીવનની નદી વિલીન થઈ જાય એ પહેલાં આપણે સંખ્યાબંધ સત્કાર્યો કરતાં રહીને આપણા જીવનની નદીને પાવન પાવન બનાવી દેવાની છે.
- બીજાનાં આંસુને લૂછવાનો પ્રયાસ કરવો, એ જ સાચી કીર્તિ છે.
- અનિત્યાનિ શરીરાણિ વૈભવો નૈવ શાશ્વતઃ નિત્યાં સંતિવૃિતો મૃત્યુઃ કર્તવ્યો ધર્મ સંશય.
- Life is Worth Living
- જીવન જીવવા લાયક છે.

# જ્ઞાની સે જ્ઞાની મિલે, કર જ્ઞાન કી બાત

મનીષા કે. સાચપરા
(અઘેવાડા)

એક દિવસ કોઈ સાધુ સન્યાસી રાજમહેલ દરવાજે આવી ઊભા રહ્યા. એના કપડાં સ્વચ્છ હતા. પણ અનેક જગ્યાએ ફાટેલા હતા અને તેના સૈનિકો ઘડીભર તેની સામે જોઈ રહ્યા. એક સૈનિકે પુછયું સાધુ મહારાજ આપને અહીં આવવાનું કારણ ? આપણને કોનું કામ છે.

સાધુ મહારાજે કહ્યું કે મારે તમારા રાજાને મળવું છે. તેને જઈને કહો કે તમારો ભાઈ મળવા આવ્યો છે. ચોકીદારો તો વિચારમાં પડી ગયા કે રાજાને કોઈ ભાઈ હોય તેવું સાંભળ્યું ન હતું વળી આ સાધુ મહારાજ કુટુંબના હોય તેવું કોણ માને.

ચોકીદારોને લાગ્યું કે નક્કી આ સાધુનું, ચસકી ગયું લાગે છે. પરંતુ સાધુ તો કહેતા કે મારી સામે શું જુઓ છો. જઈને રાજાને જાણ કરો કે તમારો ભાઈ મળવા આવ્યો છે. છેવટે ચોકીદાર રાજા પાસે ગયો તે સલામ ભરીને કહ્યું મહારાજ માફ કરજો બારણે એક સાધુ ઊભા છે. તે આપના ભાઈ હોવાનું કઈ રહ્યા છે. રાજા એક પળમાં બધું જાણી ગયા અને બીજી ક્ષણે કહ્યું કે મારા ભાઈને મારી પાસે લઈ આવો. સૈનિકો સાધુને લઈ આવ્યા રાજાએ સન્માન સાથે પોતાની બાજુમાં બેસાડયા ખબર અંતર પૂછવા લાગ્યા કેમ કે મારાભાઈ મજામાં છે.

સાધુ કહે અત્યારે હું મોટી મુસીબતમાં છું. હું જે મહેલમાં રહું છું. તે પડુ પડુ થઈ રહ્યો છે. પહેલાના મારા બત્રીસ નોકરો છે. પણ મને છોડી ચાલ્યા ગયા છે. મારી પાંચેય રાણીઓ નબળી થઈ મારી સેવા-ચાકરી કરી શકતી નથી. તેથી આપની પાસે મદદ લેવા માટે આવ્યો છું.

દરબારીઓ સાંભળી રહ્યા હતા, પણ રાજા સાધુની વાત સમજી ગયો. તેણે ખજાનચીને આદેશ કર્યો. આ સાધુ મહાત્માને ૧૦૦ સોના મહોરો આપો. સો સોના મહોરો સાંભળીને સાધુને દુઃખ થયું તેણે રાજાને કહ્યું બસ, ફક્ત સો સોનામહોર જ. પોતાના ભાઈને બસ સો સોનામહોરોની જ મદદ, મે આવું ધાર્યુ ન હોતું. મે તમારી પાસે મોટી આશા રાખી હતી મારી સ્થિતિનો વિચાર કરો. રાજા કહે જુઓ ભાઈ રાજયનો ખર્ચ ખૂબ જ છે. મારી તિજોરીનાં તળીયા દેખાય છે. તેથી વધુ મદદ કરી શકું તેમ નથી.

સાધુ કહે જો તારા ખજાનામાં પૈસા ન હોય તો ચાલ મારી સાથે એક મહાદ્વીપમાં જયાં સોનાની ખાણો ને ખાણો જ છે. તારે જોઈએ, તેટલું સોનું લઈ લે જે. પરંતુ સમુદ્રને પાર કઈ રીતે કરવો. ત્યારે સાધુએ રાજાને કહ્યું કે જયાં મારા પગ પડશે. ત્યાં સમુદ્ર સુકાઈ જશે. સાધુની વાત સાંભળી રાજા હસવાં લાગ્યો. પરંતુ દરબારીઓ એમની વાત સમજી શક્યા નહીં, રાજાએ તુરત જ ખજાનચીને હુકમ કર્યો, મારા ભાઈને એક હજાર સોના મહોરો આપો.

સોના મહોરો લઈને સાધુ જતા રહ્યા. પછી રાજાના દરબારીઓ રાજાને પૂછવા લાગ્યા. મહારાજ, આપની સાથે પેલા સાધુ મહાત્માએ શું વાતચીત કરી. અમારી સમજણમાં ન આવી ત્યારે રાજા મનમાં હસીને કહે જુઓ જેમ હું રાજા છું તેમ તે ધર્મના રખેવાળ રાજા છે. તે નાતે મારા ભાઈ થયા. લક્ષ્મી અને દરિદ્રતા બેઉ બહેનો છે. હું લક્ષ્મીનો પુત્ર અને તે દરિદ્રતાનો પુત્ર આમ પણ બેઉ ભાઈઓ થયા દરબારીઓ તો રાજાની વાત સાંભળી ચોકી ગયા.

તેઓને થયું કે રાજા પણ ચતુર અને પેલા સાધુ પણ હોશીયાર તેમણે પૂછયું જુનો મહેલ પડવાની તૈયારી છે. એવું કહ્યું તેનો અર્થ શો થાય, રાજા સાહેબ રાજા કહે મહેલ એટલે તેનું શરીર તે ઘરડું થઈ ગયું છે એટલે મૃત્યુ નજીક છે. પણ તો પછી બત્રીસ નોકરો તેને છોડી જતા રહ્યા છે. એનો શો અર્થ થાય.

બત્રીસ નોકરો એટલે બત્રીસદાંત વૃધ્ધ થવાથી દાંત પડી ગયા છે. તેનું મો બોખું થઈ ગયું છે. વાહ આ વાત અમારી સમજમાં કેમ કરીને આવે. પણ પેલી રાણીઓ નબળી થઈ ગઈ છે. તેની સેવા કરી શકતી નથી. એ ન સમજાયું. આંખ, કાન, નાક વગેરે પાંચ ઈન્દ્રીયો તે એની પાંચ રાણીઓ તે નબળી થઈ ગઈ. તેથી પુરુ કામ આપી શકતી નથી. વાહ, આટલી વાત તો સમજાણી પણ સાધુએ કહ્યું કે એનો પગ પડવાથી સમુદ્ર સુકાઈ જશે, એનો મતલબ.

જુઓ એ સાધુ ભારે હોશિયાર હતો. એણે મારા પર કટાક્ષ કર્યા મે જ એને કહ્યું હતું કે ખજાનામાં રૂપિયાની તાણ છે. એનો જવાબ હકીકતમાં ખરેખર ચમત્કાર ભરેલો છે. એ એમ કહેવા માંગતા હતા કે મહેલમાં પગ મૂકતાં જ જો શાહી ખજાનો ખાલી થઈ જતી હોત તો તે કેટલો કમનસીબ કહેવાય. જો તે સમુદ્રમાં પગ મૂકશે તો પછી સમુદ્રનું પાણી પણ સૂકાઈ જશે.

રાજા અને સાધુની ચતુરાઈ ભરી વાતો સાંભળી બધા દરબારીઓ દંગ રહી ગયા.

પરમ પૂજ્યશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજે સન ૧૯૮૦ માં ગામ-વામજમાં પહેલો ચાર્તુમાસ કર્યો હતો. તે જ જગ્યાની જ સામે શ્રી માધવાનંદ આશ્રમ થયો છે. તેમાં શ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજે ભાગવત કથા કરી. અમને વામજના લોકોને તો એમજ થાય છે કે અખંડાનંદ સ્વામીજીએ ચર્તુમાસ વખતે જ અહીં આશ્રમનો સંકલ્પ કરીને ગયા. તેથી વામજમાં આશ્રમ બન્યો. સ્વામીજીએ ચાર્તુમાસ કર્યો ત્યારે વામજની ગલી ગલીમાં તેમના ચરણ પડેલા અને વામજના ખેતરોના રસ્તે પણ ચાલવા જતાં અને અમોને સ્વામીજીની ભિક્ષાનો પણ લાભ મળ્યો હતો. અમારું વામજ ગામ ધન્ય છે. આ આશ્રમમાં સાક્ષાત સ્વામીજી બિરાજે છે. એવો અમને અનુભવ ગુરુગીતા પાઠ સાંજે આરતી ધોળ વખતે હાજરાહજુર છે તેવું થાય છે. જેમ ચાણોદ અને સુઘડમાં સ્વામીજી છે તેવી જ રીતે વામજમાં પણ સ્વામીજી પ્રત્યક્ષ છે.

પરમ પૂજ્ય શ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજે અમોને તા. ૬-૧-૨૦૧૫ શ્રીમદ્ ભાગવત કથા સંભળાવી. પહેલા ભાગવત્ મહાત્મ સાંભળ્યું. ભાગવત્‌ના પ્રધાન વક્તા શ્રી આદિનારાયણ પરમાત્મા છે. સૃષ્ટિના આરંભમાં બ્રહ્માજીએ પરમાત્મા પાસેથી આ કથા સાંભળી, બ્રહ્માજીએ નારદજીને, નારદજીએ વ્યાસજીને, વ્યાસજીએ શુકદેવજીને અને શુક્રદેવજીએ પરિક્ષિત રાજાને આ કથા સંભળાવી હતી. ભાગવત્ કથા સાંભળ્યા પછી પરિક્ષિતને મરણની બીક લાગતી નથી. આ કથા સાંભળનારનો જીવતા જ મોક્ષ થઈ જાય છે. એક વખત સનક, સનંદન, સનાતન અને સનત કુમારો આ ચારે ઋષિઓ વિશાલા ક્ષેત્રમાં સત્સંગ કરતાં હતાં. ત્યાં નારદજી પધાર્યા, કુમારોએ નારદજીનું સ્વાગત કર્યું. આજે નારદજી ઉદાસ દેખાય છે. કુમારોએ કહ્યું, આજે હરિના દાસ ઉદાસ કેમ છે ? નારદજી બોલ્યા આજે હું પૃથ્વી ઉપર ગયો હતો ત્યાં મેં બધા લોકોને દુઃખી જોયા. તે બધા સુખી થાય તેવો કોઈ ઉપાય બતાવો. નારદજીએ કહ્યું હું વૃંદાવનમાં ગયો . ત્યાં એક નવયુવાન- યુવતી રડતી હતી અને બે પુરુષો એની પાસે મૂર્છામાં પડયા હતાં, મેં ત્યાં જઈને પૂછ્યું કે તમે કેમ રડો છો અને આ બે વૃધ્ધ પુરુષો કોણ છે. ત્યારે યુવતી બોલી. મહારાજ મારું નામ ભક્તિ છે અને આ જ્ઞાન-વૈરાગ્ય નામના બે મારા પુત્રો છે. તે ઘરડાં થઈ ગયા છે અને મૂર્છામાં પડયા છે. મારો જન્મ દ્રવિડ દેશમાં થયો હતો. કર્ણાટકમાં હું મોટી થઈ. મહારાષ્ટ્રમાં કયાંક કયાંક મને માન મળ્યું અને ગુજરાતમાં મારી દશા બગડી. દ્રવિડ દેશ ભક્તિનું પિયર છે. ગુજરાતમાં ભક્તિ જીર્ણ થઈ. ત્યાં કળીયુગમાં મારી દશા બગડી. કળીયુગના લોકો જ્ઞાન અને વૈરાગ્યની ઉપેક્ષા કરે છે. તેથી આ મારા પુત્રો જ્ઞાન-વૈરાગ્ય મૂર્છામાં પડયાં છે. નારદજીએ ભક્તિને આશ્વાસન આપ્યું અને કહ્યું કે હું બધી જગ્યા એ ફરી અને જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિનો પ્રચાર કરીશ બધા લોકોમાં જ્ઞાન-વૈરાગ્ય જગાડીશ. તું ચિંતા ના કરીશ. ત્યાંથી નારદજી ગયા અને બધે જ્ઞાન-વૈરાગ્યનો પ્રચાર કરી જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો. વેદોના પારાયણ કર્યા. પણ તેમને કોઈ સફળતા મળી નહીં. તેથી તે બદ્રિકાશ્રમમાં સનત્ કુમારો પાસે આવ્યા અને આમ ઉદાસનું કારણ કહ્યું. સનત્ કુમારો આ બધું સાંભળ્યા પછી કહ્યું કે તમે શ્રીમદ્ ભાગવત્ કથા કરો તો તમારી ઈચ્છા પુરી થશે ને લોકોમાં જ્ઞાન-વૈરાગ્ય જાગશે. ભગવત્ કથા જ્ઞાન-વૈરાગ્યને ભક્તિથી ભરેલી છે. તેમાં વેદોનો અર્થ ભરેલો છે. જેમ દૂધમાં ઘી રહેલું છે. તેમ ભાગવત્‌માંથી લોકોને જ્ઞાન-વૈરાગ્યને ભક્તિ પ્રગટ થશે.

સનત્‌કુમારો નારદજીને કહે છે. તમને કૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય તેવો વિચાર આવ્યો છે તે બહુ સારું છે. લોકોને કળિયુગના ગ્રાસમાં જતાં બચાવવા માટે આ ભાગવત્ કથા સાંભળ્યા પછી તમારું મન ડગશે નહીં.

**''મેરુ રે ડગે પણ જેના મનડા ડગે નહી પાનબાઈ,**
**ભલેને ભાંગી પડે, બ્રહ્માંડ રે.....''**

ચિત્તની શુધ્ધિ કરવા તમે ભાગવત કથા સાંભળો ભાગવત્ કથા અમૃત છે. અમૃત બે પ્રકારના હોય છે. એક અમૃત એ કે જે પીવાથી અમર થઈ જવાય અને બીજુ અમૃત તે કથા અમૃત છે. કથારૂપી અમૃત પીવાથી ચિત્ત શુધ્ધ થાય અને મોક્ષ મળે. સનતકુમારો નારદજી સાથે ગંગા કિનારે આવ્યા. ગંગા કિનારે પવિત્ર ભૂમિમાં સાત્વિક ભાવ જાગે છે. ત્યાં વ્યાસજી, ભૃગુ, દેવર્ષિ, મહર્ષિઓ જેવા બધા ઋષિઓ ત્યાં આવ્યા. ત્યાં શુકદેવજી પરિક્ષિત રાજાને ભાગવત્ કથા સંભળાવે છે. ભાગવત્ ભગવાનની સાક્ષાત મૂર્તિ છે. તેના બાર સ્કંદ છે. ભાગવત્ કથા સાંભળવાથી પાપ બળે છે અને મોક્ષ થાય છે.

આ કથામાં એક આત્મદેવ નામનો બ્રાહ્મણ તુંગભદ્રા નદીના કિનારે રહેતો હતો. તેને સંપત્તિ ખૂબ હતી પણ સંતતિ ન હતી. તેમણે ઘણા પ્રયત્નો કર્યા પણ સફળતા ન મળી. આત્મદેવ એટલે આત્મા એ દેવ છે અને તુંગભદ્રાનો અર્થ થાય છે. તુંગ એટલે પુષ્કળ અને ભદ્રા એટલે કલ્યાણ, પુષ્કળ કલ્યાણ કરનારી આ નદી. નદી એટલે કાયા (શરીર). શરીરમાં રહેલો આત્મા એ આત્મદેવ છે. આત્મદેવની પત્નીનું નામ ધુંધુલી છે. આ ધુંધુલી એટલે બુધ્ધિ. માનવીની બુધ્ધિ ધુંધુલી જેવી છે.

તે સારા-ખોટા બહુ વિચારો કરાવે છે. ધુંધુલી ક્રૂર, કપટી, પથ્થર જેવી કઠણ છે અને તે કામસુખનું ચિંતન કરાવે છે. આ બુધ્ધિનું આત્માદેવ સાથે લગ્ન થયું છે. આ આત્મદેવ બ્રાહ્મણને બાળક નથી એટલે તે એક દિવસ આત્મ હત્યા કરવા નદી કિનારે ગયો. ત્યાં એક મહાત્મા ફરતાં ફરતાં આવ્યા અને આત્મદેવને કહે છે તું આત્મહત્યા કેમ કરે છે. આત્મહત્યા એ તો મોટું પાપ છે આત્મદેવ કહે મારે બાળક નથી તેથી હું આત્મહત્યા કરું છું. મહાત્મા બોલ્યા બાળક નથી તે સારું છે. શાંતિથી ભગવાનનું નામ લઈ ભક્તિ કર. ત્યારે આત્મદેવ કહે મારી પાછળ મારું પિંડદાન કોણ કરે ? મહાત્મા કહે તારું પિંડ દાન તારે જાતે કરવાનું. આ કળિયુગના છોકરા કયાં પિંડદાન કરે છે ? તે તો મા-બાપની સેવા ય નથી કરતાં તો પિંડદાન શું કરશે ? આ તારું શરીર જ પિંડ છે તે તું પરમાત્માને અર્પણ કરી દો. મહાત્માએ ઘણું સમજાવ્યો છતાં આત્મદેવ માન્યો નહીં તે તો આત્મ હત્યા કરવા તૈયાર થયો. મહાત્માને દયા આવી તેને આત્મદેવને એક ફળ આપ્યું ને કહ્યું કે આ ફળ તારી પત્નિને ખવડાજે. તેને બાળક થશે અને તમે બન્ને ભક્તિ કરી પવિત્ર જીવન વિતાવજો. આત્મદેવ ફળ લઈ ઘેર આવ્યોને તેની પત્ની ધુંધુલીને ફળ આપ્યું ને કહ્યું કે આ ફળ તું ખાઈજો તેથી તને બાળક થશે. ધુંધુલીએ ફળ ખાધું નહીં તેને થયું કે મારે ગર્ભ રહેશે તો ઘરનું કામ નહીં થાય મને દુઃખ થશે અને બાળક આવ્યા પછી મારે મોટો પણ કરવો પડશે માટે મારે ફળ ખાવું નથી. ત્યાં એ વખતે તેની નાની બહેન આવી એને બધી વાત કરી તો બહેને કહ્યું તું આ ફળ ગયને ખવડાવી છે અને મારે પણ ગર્ભ છે. તે બાળક થશે ત્યારે તે હું તને આપી દઈશ. તારે એવો ડોળ કરવો કે હું ગર્ભવતી છું. ધુંધુલી એ બુધ્ધિ છે અને તેની નાની બેન મન છે. આ બુધ્ધિ મન કહે તેમ કરે છે. મન બુધ્ધિને ખોટું સમજાવે છે. માટે મન ઉપર વિશ્વાસ રાખનાર ખાડામાં પડે છે. મન કોઈ વાર દગો દે છે.

ધુંધુલીએ હું ગર્ભવતી છું એમ નાટક કર્યુ. આત્મદેવને કોઈ ખબર પડી નહીં. સમય થયે નાનીબેનને પુત્ર અવતર્યો તે ચોરી છુપીથી ધુંધુલી પાસે પહોંચતો કર્યો અને ધુંધુલીએ કહ્યું કે મારે બાળક જન્મ્યો છે. તેનું નામ ધુંધુકારી રાખ્યું. આ બાજુ મહાત્મા એ જે ફળ આપ્યું હતું તે ગાયને ખવડાવ્યું તેને પણ પુત્ર થયો તેને શરીર માનવનું અને કાન ગાયના હતા. તેથી તેનું નામ ગોર્કણ રાખ્યું. ગોકર્ણ મહાન જ્ઞાની થયો અને ધંધુકારી દુરાચારી થયો તે મોટો થઈ દારૂ પીવા લાગ્યો અને વેશ્યાગમન કરવા લાગ્યો. પિતાની બધી સંપત્તિ વેડફી નાંખી અને માતા-પિતાને મારવા લાગ્યો. આત્મદેવ દુઃખી થયો. ગોકર્ણે કહ્યું પિતા હવે તમે ઘર છોડી વનમાં જાઓ અને ભક્તિ કરી પ્રભુને પ્રસન્ન કરી માનવ અવતાર સફળ કરો આત્મદેવ વનમાં ગયો ને ભક્તિ કરી પ્રભુ શરણે થઈ ગયા. હવે ધંધુકારીએ તેની માતાને પણ મારી નાંખી અને વેશ્યાઓને ઘેર લાવવા માંડયો. ગોકર્ણને વિચાર આવ્યો હવે મારું જીવન પણ કુસંગે ચઢશે. તેથી તે જાત્રા કરવા નિકળી ગયો.

એકવાર વેશ્યાઓએ કહ્યું તું રાજાના ઘેરથી ચોરી કરીને લાવ, ધંધુકારી રાજાના ઘેર ચોરી કરી અને રાણીના દાગીના પૈસા વગેરે લાવ્યો અને વેશ્યાને આપ્યા. વેશ્યાને થયું આ તો રાજાનું ધન છે. જો પકડાઈ જઈશું તો આપણને પણ સજા થશે. તેથી બધી વેશ્યાઓ ભેગી થઈ ધંધુકારીના હાથ પગ બાંધી મોંમાં સળગતા અંગારા ભરીને મારી નાંખ્યો તે હવે પ્રેત થયો.

અહી ગોકર્ણ જાત્રા કરતાં કરતા ગયાજીમાં આવ્યા છે ત્યાં તેને ભાઈ ધંધુકારીના મરણના સમાચાર સાંભળ્યા. તેને ધંધુકારીનું શ્રાધ્ધ કર્યુ અને પિંડદાન કર્યુ. તે આગળ ગયો. જાત્રા પુરી કરી ગોકર્ણ ઘેર આવે છે. તે એક દિવસ રાત્રે સૂઈ રહ્યો હતો ત્યાં કોઈનો રડવાનો અવાજ આવ્યો. ગોકર્ણે પૂછ્યું તું કોણ છે ને કેમ રડે છે. ત્યારે પ્રેત બોલ્યો, હું તારો ભાઈ ધંધુકારી છું અને હું પ્રેત થયો છું. ગોકર્ણ કહે મેં તારું શ્રાધ્ધ ગયાજીમાં કર્યુ છતાં તારો મોક્ષ કેમ ન થયો. ધંધુકારી કહે તમે અનેકવાર શ્રાધ્ધ કરશો તો પણ મારો ઉધ્ધાર નહીં થાય હું અતી પાપી છું માટે કોઈ બીજો ઉપાય કરો ત્યારે ગોકર્ણે બીજે દિવસે સવારે સૂર્યદેવને આ વાત પૂછી કે મારા ભાઈનો ઉધ્ધાર કેવી રીતે થશે. સૂર્ય નારાયણે કહ્યું કે તમે ભાગવત્ કથા કરાવો તો તેને મુક્તિ મળશે.

ગોકર્ણે ભાગવત્ કથા બેસાડી ત્યાં ઘણા લોકો કથા સાંભળવા આવ્યા. ત્યાં ધંધુકારી પ્રેત પણ આવ્યો. પ્રેતને બેસવાની જગ્યા ન હતી. તેથી મંડપના એક સાંત ગાંઠવાળા વાસમાં તે બેઠો અને કથા સાંભળવા લાગ્યો. આ સાત ગાંઠવાળો વાસ તે આપણું શરીર છે. તેમાં ઘણી વાસનાઓ ભરેલી છે. પત્ની-પતિ-પૈસા પુત્રો વગેરેમાં ખૂબ આસક્તિ છે. તે આપણે છોડવાની છે. ધંધુકારી એ સાત દિવસ કથા સાંભળી અને વાસની સાંત ગાંઠો તૂટી અને દિવ્ય દેહ ધારણ કરી વૈકુંઠમાં ગયો. તેની સદ્ગતિ થઈ.

શુકદેવજી પરિક્ષિતને કહે છે. ભાગવત્ ભવરોગની દવા છે. ભાગવત્ કથા સાંભળવાથી જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિ ત્રણે જાગૃત થાય છે. ભાગવત્ મર્યા પછી મુક્તિ અપાવે તેવું નથી. તેતો જીવતાં પણ સાંભળીને આસરણમાં મુકવાથી મુક્તિ મળે છે. આપણું મૃત્યું પણ સાત દિવસમાં થી એક દિવસતો આવવાનું જ છે. માટે ભાગવત્ કથા શ્રવણ, મનન કરી જીવનમાં ઉતારવાથી આપણે પણ મુક્ત થઈ શકીએ છીએ. પરિક્ષિતને સાતમાં દિવસે તક્ષક નાગ આવ્યા પહેલા જ પ્રભુ સાથે મન જોડી દીધું પછી તક્ષક નાગ કરડે છે અને પરિક્ષિતનો મોક્ષ થયો.



:: પ્રવક્તાશ્રી ::

**વક્તા પ.પૂ.સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્ય**
**''શ્રીમદ્ ભાગવત કથા''**

- કથા પ્રારંભ : તા. ૧૭-૦૬-૨૦૧૫ અધિક અષાઢ સુદ ૧ ને બુધવાર
- કૃષ્ણ જન્મ : તા. ૨૧-૦૬-૨૦૧૫ અધિક અષાઢ સુદ ૫ ને રવિવાર
- પૂર્ણાહુતી : તા. ૨૩-૦૬-૨૦૧૫ અધિક અષાઢ સુદ ૭ ને મંગળવાર
- આયોજક : શ્રી પ્રસેશભાઈ બાબુભાઈ રાવળ તથા રાજેશ્વરીબેન જોશી
- સ્થળ : નર્મદા મૈત્રીબાપુનો આશ્રમ, મુ. બારકાલ, તા. શિનોર, જી. વડોદરા

**વક્તા પ.પૂ.સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્ય ''શ્રીમદ્ ભાગવત કથા''**

- કથા પ્રારંભ : તા. ૨૬-૦૬-૨૦૧૫ અધિક અષાઢ સુદ ૯ ને શુક્રવાર
- કૃષ્ણ જન્મ : તા. ૩૦-૦૬-૨૦૧૫ અધિક અષાઢ સુદ ૧૩ ને મંગળવાર
- પૂર્ણાહુતી : તા. ૦૨-૦૭-૨૦૧૫ અધિક અષાઢ સુદ ૧૫ ને ગુરૂવાર
- આયોજક : શ્રી જયંતિભાઈ વિરામભાઈ ચૌધરી તથા શ્રી મુવીબેન જયંતિભાઈ ચૌધરી તથા શ્રી કૌશિકભાઈ જયંતિભાઈ ચૌધરી તથા શ્રી નિશાંતકુમાર જયંતિભાઈ ચૌધરી શ્રી અભેરામભાઈ હીરાભાઈ ચૌધરી
- સ્થળ : મહાદેવની વાડીમાં, મુ. સુલતાનપુર, તા. વડનગર, જી. મહેસાણા

**વક્તા પ.પૂ.સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્ય ''શ્રીમદ્ ભાગવત કથા''**

- કથા પ્રારંભ : તા. ૦૬-૦૭-૨૦૧૫ અધિક અષાઢ વદ ૫ ને સોમવાર
- કૃષ્ણ જન્મ : તા. ૧૦-૦૭-૨૦૧૫ અધિક અષાઢ વદ ૯ ને શુક્રવાર
- પૂર્ણાહુતી : તા. ૧૨-૦૭-૨૦૧૫ અધિક અષાઢ વદ ૧૧ ને રવિવાર
- આયોજક : શ્રી યોગેશભાઈ દશરથભાઈ ઉપાધ્યાય તથા શ્રી દિનેશભાઈ દશરથભાઈ ઉપાધ્યાય તથા શ્રી રાજેન્દ્રભાઈ ચંદ્રશંકરભાઈ ઉપાધ્યાય તથા શ્રી વિજયભાઈ અમૃતલાલ પંડયા
- સ્થળ : રામજીમંદિર, મું. ઉદેલ, તા. ખંભાત, જી. આણંદ




**પ.પૂ.સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- તા. ૦૩-૦૬-૨૦૧૫ હરિદ્વાર જશે.
- તા. ૧૭-૦૫-૨૦૧૫ થી તા. ૧૬-૦૭-૨૦૧૫ અધિક પુરુષોત્તમ માસ દરમ્યાન હરિદ્વાર શ્રી માધવાનંદ આશ્રમ કથા-પ્રવચન થશે.
- સ્થળ :- શ્રી માધવાનંદ આશ્રમ દક્ષેશ્વર રોડ - કનખલ જગજીતપુર, હરિદ્વાર,

**મો. ૦૯૪૧૧૫ ૦૧૬૮૨, ફોન – ૦૧૩૩૪ ૨૪૬૬૭૫**

**નોંધ :- આવતા પહેલા ફક્ત ફોનથી જાણ કરવા વિનંતિ.**

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો આ મહિનાનો કાર્યક્રમ



સુરત શહેરના આંગણે સત્સંગ

# પુરૂષોત્તમ માસ જ્ઞાનયજ્ઞ

**અધિક અષાઢ માસ તા. ૧૭–૦૬–૨૦૧૫ થી તા. ૧૬–૦૭–૨૦૧૫ સુધીનો કાર્યક્રમ**

**પ્રવક્તા : પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**

સવારે : ૬.૧૫ થી ૭.૦૦ શ્રી ગુરૂગીતા પાઠ
સાંજે : ૩.૩૦ થી ૪.૦૦ ભજન-કીર્તન
૪.૦૦ થી ૫.૦૦ શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કંધ
૫.૦૦ થી ૫.૩૦ આરતી, દંડવત્, ધોળ,
૬.૦૦ પ્રસાદ
રાત્રે : ૮.૩૦ પ્રાર્થના ભજન, કીર્તન.

**આયોજક : સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, સુરત.**

**સ્થળ : 'શ્રી માધવાનંદ આશ્રમ', કરાડા ગામ, તાપી કિનારે, સુરત.**



**પ.પૂ.સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- અધિક માસ નિમિત્તે પુરુષોત્તમ માસ જ્ઞાનયજ્ઞ તા. ૧૭-૦૬-૨૦૧૫ થી તા. ૧૬-૦૭-૨૦૧૫
- પ્રાત ૬.૦૦ થી ૭.૦૦ ગુરુ ગીતા પાઠ
- સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ સ્વાધ્યાય વિવેક ચુડામણિ
- સાંજે ૩.૩૦ થી ૫.૩૦ શ્રીમદ્ ભગવદ્ ગીતા
- રાત્રે ૮.૦૦ થી ૯.૩૦ પ્રાર્થના, ભજન-કીર્તન
- સ્થળ - સિધ્ધપુર જનાર્દન તીર્થ આશ્રમ, રાજપુર, ઉત્તર ગુજરાત



તા. ૦૫/૦૫/૨૦૧૫ થી તા. ૧૧/૦૫/૨૦૧૫ ચાણોદ તીર્થધામ શ્રી માધવાનંદ આશ્રમમાં
શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું રસપાન કરાવતા
પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય


॥ સૌજન્ય ॥

ટ્રીનીટી
ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર

નિ:સંતાન દંપતિ
માટે ખુશ ખબર...

ડો. આશિષ વિરડીયા
M.S., (ગાયનેક) ગોલ્ડ મેડાલીસ્ટ
૧૦૨, જીવનદીપ કોમ્પલેક્ષ, ઉના પાણી રોડ,
સ્ટેશન, સુરત. મો. ૯૫૩૭૭ ૨૧૫૦૨

આપના માટે IVF ટેસ્ટ ટયુબ બેબીના પ્રયત્નો કરશે જેથી આપને 100% સંતાન પ્રાપ્તી થશે.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**




**પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૫મો નિર્વાણ જયંતિ મહોત્સવ વૈશાખ સુદ અગીયારસ તા.૨૯/૪/૨૦૧૫ના રોજ પરમ પજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ચાણોદ તીર્થધામ મુકામે ધામધૂમથી ઉજવાયો હતો.**

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-